Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com


We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

# મહાવીર નિર્વાણનું અઢીહજારમું મંગલવર્ષ




૩૬૪



## 卐 પધારો વીરપ્રભુ ભગવાન 卐

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૦, મહા ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૩૧ : અંક ૪

## શ્રી જિનવાણીનું સ્તવન

વીરનાથ તીર્થંકર એ તો જાણે ચૈતન્યશાંતિના હિમાલય છે, ને એ હિમાલયમાંથી નીકળેલો શાંતરસનો પ્રવાહ જિનવાણીમાં ભર્યો છે, તે ભવ્યજીવો ઉપર મહાન ઉપકાર કરી રહ્યો છે. જિનવાણીનો ઉપકાર પ્રસિદ્ધ કરવા આપણે પરમાગમમંદિર સ્થાપ્યું છે, તેના ઉત્સવ પ્રસંગે મંગળરૂપે જિનવાણીની સ્તુતિ અહીં આપી છે.

**વીર-હિમાચલતેં નિકરી ગુરુ ગૌતમકે મુખ-કુંડ ઢરી હૈ;**
**મોહ-મહાચલ ભેદ ચલી, જગકી જડતા-તપ દૂર કરી હૈ;**
**જ્ઞાનપયોનિધિ માંહી રલી, બહુ ભેદતરંગનિસોં ઉછરી હૈ,**
**તા શુચિ શારદ ગંગનદી પ્રતિ મૈં અંજુલિ કર શીશ ધરી હૈ. (૧)**
**યા જગમંદિરમેં અનિવાર અજ્ઞાન-અંધેર છયો અતિ ભારી,**
**શ્રી જિનકી ધુનિ દીપશિખાસમ જો નહિ હોત પ્રકાશનહારી;**
**તો કિસ ભાંતિ પદારથ પાંતિ કહાં લહતે રહતે અવિચારી,**
**યા વિધ સંત કહે ધનિ હૈ ધનિ હૈ જિનવૈન બડે ઉપકારી.**

અહો જિનવાણી–ગંગા ! પદાર્થ સ્વરૂપ દેખાડીને તેં મોટો ઉપકાર કર્યો છે. વિપુલાચલ પર બિરાજમાન વીરનાથ તીર્થંકરરૂપી હિમાલયમાંથી નીકળીને ગૌતમગુરુના મુખરૂપી કુંડમાં તું અવતરી; મોહરૂપી મહાપર્વતને ભેદીને તું આગળ ચાલી; જગતની જડતાને અને આતાપને તેં દૂર કર્યા; પછી કુંદકુંદાચાર્ય વગેરે સંતોના શ્રુતજ્ઞાનરૂપી સમુદ્રમાં તું રેલાણી, ને અંગ–પૂર્વના અનેક ભેદરૂપ આનંદમય તરંગથી તું ઊછળી...આવી પવિત્ર જ્ઞાનમય ગંગાનદી પ્રત્યે હું હાથની અંજલિ કરીને મસ્તકે ચડાવું છું; અર્થાત્ જિનવાણીને હું મસ્તકે ચઢાવું છું.

જિનવાણીને ગંગાની ઉપમા આપીને સ્તુતિ કરી; પણ એટલેથી સંતોષ ન થયો, એટલે બીજી ઉપમા દીપકની આપીને સ્તુતિ કરે છે : આ જગતના જીવોમાં અત્યંત ભારે ઘોર અજ્ઞાનઅંધકાર છવાઈ ગયો છે, તેમાં દીપશિખાસમાન પ્રકાશ કરનારી શ્રી જિનધ્વનિ જો ન હોત તો જીવાદિ પદાર્થોનું સ્વરૂપ કઇ રીતે ઓળખત ? અને કયાં સુધી અજ્ઞાની–અવિચારી રહેત ? અહો, જિનવાણીનો મોટો ઉપકાર છે કે તેણે પદાર્થનું સ્વરૂપ બતાવ્યું. તેથી સંત કહે છે કે હે માતા ! તને ધન્ય છે ! ધન્ય છે !

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

આત્મધર્મ ૨૫૦૦

વીર સં. ૨૫૦૦ મહા Feb. 1974

* વર્ષ ૩૧ : અંક ૪ *



# 卐 આત્મ-સ્તવન 卐

## ( અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માની ૪૭ શક્તિઓનું વર્ણન )

જીવ છે અનંતી શક્તિસંપન્ન, રાગથી તે ભિન્ન છે;
તે જીવને લક્ષિત કરાવા ‘જ્ઞાનમાત્ર’ કહેલ છે.

એક જ્ઞાનમાત્ર જ ભાવમાં શક્તિ અનંતી ઊછળે;
અહીં વર્ણવે તે શક્તિને ભવિ જીવ જાણો તેહને.

‘જીવત્વ’થી જીવે સદા જીવ ચેતતો ‘ચિતિ’ શક્તિથી;
‘દૃશિ’ શક્તિથી દેખે બધું ને જાણતો વળી ‘જ્ઞાન’થી.

આકુળ નહિ ‘સુખ’ શક્તિથી, નિજને રચે નિજ ‘વીર્ય’થી;
‘પ્રભુતા’ વડે શોભિત ને વ્યાપક છે ‘વિભુ’ શક્તિથી.

સામાન્ય દેખે વિશ્વને તે ‘સર્વદર્શિ’ શક્તિ છે;
જાણે વિશેષે વિશ્વને ‘સર્વજ્ઞતા’ની શક્તિ છે.

જ્યાં આવી ઝળકે વિશ્વ એવી શક્તિ છે ‘સ્વચ્છત્વ’ની;
છે સ્પષ્ટ–સ્વાનુભવમયી તે શક્તિ જાણ ‘પ્રકાશ’ની.

‘વિકાસમાં સંકોચ નહિ’ તે શક્તિ તેરમી જાણવી;
‘નહિ કાર્ય–કારણ’ કોઈનું એવી જ શક્તિ આત્મની.

જે જ્ઞેયનો જ્ઞાતા બને વળી જ્ઞેય બનતો જ્ઞાનમાં,
તે શક્તિને ‘પરિણમ્ય–પરિણામક’ કહે છે શાસ્ત્રમાં.

‘નથી ત્યાગ કે નથી ગ્રહણ’ બસ! નિજસ્વરૂપમાં સ્થિત જીવ છે;
સ્વરૂપે પ્રતિષ્ઠિત જીવની શક્તિ ‘અગુરુલઘુત્વ’ છે.

‘ઉત્પાદ–વ્યય–ધ્રુવ’ શક્તિથી જીવ ક્રમ–અક્રમ વૃત્તિ ધરે,
‘પરિણામશક્તિ’થી સત્પણું ત્રણકાળમાં તે નહિ ફરે.

નહીં સ્પર્શ જાણો જીવમાં આત્મપ્રદેશ ‘અમૂર્ત’ છે;
કર્તા નથી પરભાવનો એવી ‘અકર્તૃ’શક્તિ છે.

ભોક્તા નથી પરભાવનો એવી ‘અભોકતૃ’ શક્તિ છે;
‘નિષ્ક્રિયતા’રૂપ શક્તિથી આત્મપ્રદેશ નિસ્પંદ છે.

અસંખ્ય નિજ અવયવ થકી ‘નિયતપ્રદેશી’ આત્મ છે;
તે શરીરમાં નથી વ્યાપતો ‘સ્વધર્મ-વ્યાપક’ શક્તિ છે.

સ્વ-પરમાં જે સમ, અને વિસમ, વળી છે મિશ્ર જે
ત્રણવિધ એવા ધર્મને નિજશક્તિથી આત્મા ધરે.

જીવ નંત ભાવો ધારતો ‘અનંતધર્મ’ની શક્તિથી;
તત ને અતત્પણું સાથ વરતે ‘વિરુધ્ધધર્મ’ની શક્તિથી.

જે જ્ઞાનનું તદ્રૂપ-ભવન તે ‘તત્ત્વ’ નામની શક્તિ છે;
વળી અતદ્રૂપ પરિણમન જીવનું તે ‘અતત્ત્વ’ શક્તિ છે.

બહુ પર્યયોમાં વ્યાપતો પણ એક દ્રવ્યપણે રહે;
નિજસ્વરૂપની ‘એકત્વ’શક્તિ જાણી જીવ શાંતિ લહે.

છે એક દ્રવ્ય જ જીવ પણ ‘અનેક’ પર્યયરૂપ બને,
સ્વ-પર્યયોમાં વ્યાપતો જીવ સુખી જ્ઞાની સિદ્ધ બને.

છે ‘ભાવ-શક્તિ’ જીવની સત્રૂપ અવસ્થા વર્તતી;
વળી અસત્રૂપ છે પર્યયો ‘અભાવ-શક્તિ’ જીવની.

‘ભાવનો તો અભાવ’ થાય, ‘અભાવનો વળી ભાવ’ રે,
એ શક્તિ બંને એકીસાથે જ્ઞાનમાં તું જાણજે.

વળી ‘ભાવ તે તો ભાવ’ ને ‘અભાવ તેહ અભાવ’ છે,
એવા સ્વભાવે જીવ ચેતક નિજગુણે દેખાય છે.

નહિ કારકોને અનુસરે એવો જ ભવતો ‘ભાવ’ છે;
ને કારકોને અનુસરે તો તેની ‘ક્રિયાશક્તિ’ છે.

નિજ ‘કર્મ-શક્તિ’થી આતમા સિદ્ધરૂપ ભાવ જ પામતો;
વળી ‘કર્તૃ-શક્તિ’ના બળે પોતે જ ભાવકરૂપ થતો.

જે જ્ઞાનરૂપ છે શુદ્ધભાવો તેહનું જે ભવન છે,
આત્મા સ્વયં તે ભાવનું ઉત્કૃષ્ટ સાધન થાય છે.

તુજ ‘કરણ–શક્તિ’ જાણ રે! તું બાહ્યસાધન શોધ મા!
આત્મા જ તારો કરણ છે,–પછી વાત બીજી પૂછ મા.

આત્મા વડે નિજઆત્મને જે જ્ઞાનભાવ અપાય છે,
તેને ગ્રહે છે આતમા–એ ‘સંપ્રદાન’ સ્વભાવ છે.

ઉત્પાદ–વ્યયથી ક્ષણિકતા પણ ધ્રુવની હાનિ નહીં,
સેવો સદા સામર્થ્ય એવું ‘અપાદાન’નું આત્મમાં.

ભાવ્યરૂપ જે જ્ઞાનભાવો પરિણમે છે આત્મમાં,
આત્મા જ તેનું ‘અધિકરણ’ ભાખ્યું અહો! જિનવચનમાં.

છે ‘સ્વ અને સ્વામિત્વ’ મારું માત્ર નિજસ્વભાવમાં,
નિજભાવથી કો અન્યમાં છે સ્વત્વ મારું નહિ કદા.

* * *

અનેકાન્ત છે જયવંત અહો! નિજશક્તિને પ્રકાશતો,
શક્તિ અનંતી માહરી મુજ જ્ઞાનમાં જ સમાવતો.

જ્ઞાનલક્ષણ ભાવ સાથે અનંત ભાવો ઉલ્લસે,
અનુભવ કરું એનો અહો! વિભાવ કોઈ નહીં દીસે.

જિનમાર્ગ આ પામ્યો અહો, શ્રી ગુરુ–વચન પ્રસાદથી,
અંદર નીહાળ્યું રૂપ ચેતન, પાર જે પરભાવથી.

નિજ શક્તિને પામ્યો અહો શ્રી સમયસાર–પ્રસાદથી,
નિજશક્તિનો વૈભવ અહો! આ પાર છે પરભાવથી.

જ્ઞાનમાત્ર જ એક જ્ઞાયક.....પિંડલો હું આતમા,
અનંત ગંભીરતા ભરી મેં દેખિયા પરમાતમા.

આશ્ચર્ય અદ્‌ભુત થાય છે નિજ વિભવને નીહાળતાં,
આનંદમય આહ્‌લાદ ઊછળે ફરી ફરીને ધ્યાવતાં.

અદ્‌ભુત અહો! અદ્‌ભુત અહો! છે વિજયવંત સ્વભાવ આ,
જયવંત છે મુજ ગુરુ–વહાલા નિજ નિધાન બતાવિયા.

સમયસારમાં અમૃતચંદ્રસૂરિએ વર્ણવેલી ચૈતન્યની ૪૭ શક્તિઓ જ્યારે–જ્યારે પ્રવચનમાં વંચાય છે ત્યારે–ત્યારે ગુરુદેવના હૈયામાં શ્રુત–સાગર હીલોળે ચડે છે, ને જ્ઞાનસમુદ્રને વલોવીને તેમાંથી અધ્યાત્મરસનું અમૃત કાઢે છે. તે અમૃતનો અપૂર્વ સ્વાદ ચાખતાં જે આનંદ થાય છે –તેની શી વાત! તે આનંદઉર્મિ આ ‘આત્મ–સ્તવન’ દ્વારા વ્યક્ત થઈ છે. પૂ. ગુરુદેવે આ વાંચીને પ્રસન્નતા વ્યક્ત કરી છે ને તેઓશ્રીના આશીર્વાદથી તે અહીં છપાય છે. ગુરુપ્રસાદીરૂપ આ આત્મસ્તવન ભવ્યજીવોને અદ્‌ભુત આત્મવૈભવની પ્રાપ્તિનું કારણ હો.

(–બ્ર. હ. જૈન)

# અમારા સોનગઢમાં મંગલ - મહોત્સવ

## આંગણીયે અવસર આનંદના

* પોષ વદ તેરસે એક મુમુક્ષુભાઈ બહારગામથી સોનગઢ આવ્યા. આવતાંવેંત ચારેકોર હર્ષભરી ધમાલ દેખીને આશ્ચર્યથી પૂછયું–ભાઈ, આ બધું શું છે? શું આજે કાંઈ મંગલ ઉત્સવ છે!

–હા ભાઈ! આજે તો કેસરછાંટી કંકોતરી મોકલાય છે, તેમાં ગુરુદેવ ૐ કરીને મંગળ કરે છે......તેનો આ ઉત્સવ છે.

* શેની છે એ કંકોતરી?

લે, એનાં ઢોલનગારાં તો વરસથી વાગી રહ્યા છે, તે શું હજી તમને નથી સંભળાયા?–આ તો પરમાગમ–મંદિરનો મહોત્સવ આવ્યો છે....ને ફાગણ સુદ તેરસનું મૂરત છે.

* એમ! પરમાગમમંદિરનો મહોત્સવ આવી ગ્યો!

જી હા....હવે તો ગાજતે–વાજતે એકદમ નજીક આવી પહોંચ્યો છે.

* ત્યારે તો પરમાગમ–મંદિર પણ તૈયાર થઈ ગયું હશે!

અરે, તૈયાર તો એવું મજાનું થઇ ગયું છે કે એની અદ્ભુત શોભા તો તમે સોનગઢ આવીને જોશો ત્યારે આશ્ચર્ય પામશો.

* ઉત્સવની તૈયારી પણ ચાલતી હશે!

હા, જાણે આખું સોનગઢ જ બદલાઈ ગયું હોય!–એમ બધી નવરચના થઈ રહી છે. તમને થશે કે આપણું સ્વાધ્યાયમંદિર શું આવડું મોટું હતું! અને વર્દ્ધમાન મહાવીર પ્રભુના પધારવાથી 'સુવર્ણનગરીની શોભા' કેવી વૃદ્ધિગત થઈ ગઈ છે! તે તો તમને નજરે જોયે જ ખ્યાલ આવશે.

* વાહ...! એ તો નજરે જોશું....પણ ઉત્સવમાં શું થશે?

ઉત્સવમાં તો ઘણું–ઘણું થશે. જુઓ, મહાવીરપ્રભુના પંચકલ્યાણક થશે. ગામે–ગામના ને દેશ–પરદેશના હજારો સાધર્મીઓ પધારશે; શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહૂજીના સુહસ્તે પરમાગમ–મંદિરનું ઉદ્ઘાટન થશે....પછી તેમાં મોટા મોટા

મહાવીરપ્રભુ બિરાજમાન થશે; પ્રભુના માર્ગને શોભાવનારા આચાર્ય કુંદકુંદભગવાનનું મોટું–અદ્ભુત–ગંભીર–સુશોભિત ચિત્રપટ (આરસમાં કોતરેલું) સ્થાપશે; ને તેમની બંને બાજુ તેમના બે હાથ જેવા અમૃતચંદ્રાચાર્યદેવ તથા પદ્મપ્રભમુનિરાજ બિરાજશે. પંચપરમેષ્ઠીના પ્રસાદ જેવા પાંચ પરમાગમોની સ્થાપના થશે....કેટલાય સોનેરી શિખર અને ધર્મધ્વજથી પરમાગમમંદિર શોભી ઊઠશે. આમ દેવ–ગુરુ ને પરમાગમના મહિમાનો એ અનેરો ઉત્સવ હશે.

* ઉત્સવમાં બીજું શું શું થશે?

ભારતદેશમાંથી ને પરદેશમાંથીયે કેટલાય સાધર્મીઓ આવશે, હોંશે–હોંશે આવશે ને આનંદ ઉત્સવમાં ભાગ લેશે; બબ્બે વખત ગુરુદેવના પ્રવચનમાં અધ્યાત્મ–અમૃતની રસધારા વરસશે, ને શ્રોતાજનો તો મંત્રમુગ્ધ થઈને આત્મભાવનામાં ઝૂમી ઊઠશે.

* વાહ! એ પ્રવચન શેના ઉપર થશે?

હા, એ વાત તમે મહત્ત્વની પૂછી. જુઓ, સવારે તો સમયસારનો સંવર અધિકાર વંચાશે; તેમાં જીવને મોક્ષના હેતુભૂત એવી સંવરદશા કેમ પ્રગટે? એટલે કે અપૂર્વ ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન કેમ થાય? તે વાત ગુરુદેવ સમજાવશે.

અને બપોરના પ્રવચનમાં પદ્મનંદી પચ્ચીસીમાંથી ૠષભજિનસ્તોત્ર વંચાશે. ‘ૠષભ’ એટલે આદિનાથ ભગવાન; અથવા ‘વૃષભ’ નો અર્થ (વૃષ એટલે ધર્મ, તેનાથી જે શોભે છે–તે) મહાવીરાદિ ધર્મતીર્થંકરો–એવો પણ થાય છે; જે કોઈ જીવો ધર્મના ધારક છે તેઓ વૃષભ છે; એટલે બધા તીર્થંકરોને ‘વૃષભ’ શબ્દથી કહી શકાય છે. એવા ભગવંતોનું અને તેમના માર્ગનું સ્વરૂપ ગુરુદેવ એવી અદ્ભુત શૈલીથી સમજાવશે કે તે ભગવંતો પ્રત્યે ભક્તિથી હૃદય ઊભરાઈ જશે.

–આમ એકકોર ભેદજ્ઞાનની ધારા, ને બીજીકોર ભક્તિરસની ધારા, તથા સાથેસાથે વીરનાથ તીર્થંકરના પંચકલ્યાણકનાં પાવન દ્રશ્યો–વગેરે મહાન લાભ મળશે, અને તેમાંથી **પરમાગમના સારભૂત શુદ્ધાત્મતત્ત્વને તારવી લેવું તે સર્વે મુમુક્ષુઓનું મહાન ધ્યેય હશે;** એટલે જાણે સાધકભાવનો કોઈ અનેરો અપૂર્વ ઉત્સવ આપણે ઉજવતા હઈશું.–ધન્ય હશે એ જોનારા પણ!

* અહો, આ બધું સાંભળતાં આનંદ થાય છે,–પણ, પ્રવચનમાં આટલા બધા માણસો સ્વાધ્યાય મંદિરમાં સમાશે કેવી રીતે?

અરે ભાઈ! ત્યારે તો મોટું મહાવીરનગર વસી ગયું હશે, ને ત્યાંના વિશાળ મંડપમાં કેટલાય હજાર માણસો બેસે એવી મજાની વ્યવસ્થા હશે. મંડપની શોભા અને કેટલીક કળામય નવીન રચનાઓ જોઈને તમે ઘડીભર તો ચકિત બની જશો.

* અને ઉતારા ક્યાં હશે!

ભાઈ, ત્યારે તો જંગલમાં મંગલ થઈ જશે. જંગલ ત્યારે જંગલ નહિ રહે પણ મુમુક્ષુઓની નગરી બની જશે. કદાચ જંગલ જેવા ખેતર વચ્ચે કોઈ તંબુમાં તમારો ઊતારો હશે તોય ચારેકોર સાધર્મીઓથી ઊભરાતી નગરી વચ્ચે તમને તો તે મંગળ જેવું જ લાગશે. વાતાવરણ એવું હશે કે વનવાસી મુનિવરો ડગલે ને પગલે યાદ આવ્યા કરશે ને ઉત્તમ ભાવનાઓ જાગ્યા કરશેઃ 'ઘરમાં ને બંગલામાં તો રોજ રહીએ જ છીએ, વનમાં રહેવાનો અવસર ક્યારે આવશે?' આખી સોનગઢ નગરીમાં લગભગ ૫૦૦ મકાનો છે, તેમાંથી એક્કેય મકાન તે વખતે ખાલી નહિ રહે. તે ઉપરાંત હજાર જેટલા સારા તંબુઓમાં દશેક હજાર મહેમાનોના ઉતારાની સગવડતા રહેશે,–જેમાં પાણી–લાઇટ વગેરે યોગ્ય સુવિધા હશે. (ઠેઠ શિહોર સુધી પણ કેટલાક મકાન રાખેલા છે.)

અરે, પણ એકવાત આપણે ભૂલી ગયા. ઉતારામાં રહેવાનો તો ટાઇમ જ તમને ક્યાંથી મળશે? માંડ રાત્રે મોડા મોડા થોડો આરામ કરવા તમે ઉતારામાં જશો; બાકી તો આખોય દિવસ પ્રવચન ને પંચકલ્યાણક, ભક્તિ ને વિદ્વાનોની ચર્ચાઓ, અવનવા દ્રશ્યોનું અવલોકન, એવા ભરચક કાર્યક્રમમાં તમે એવા તો ગુંથાયેલા રહેશો કે તમને તમારો ઉતારો તો યાદ પણ નહિ આવે. કદાચ થોડોક ટાઈમ બચશે તો દેશોદેશના સાધર્મીઓ સાથે આનંદથી અવનવી વાતચીત કરશું. દેશોદેશના હજારો સાધર્મીઓનો મેળો જોવાની ત્યારે ભારે મજા આવશે.

* હા, ઉતારાનું તો જાણે ઠીક–પણ જમવાનું?

લ્યો, એની તે કાંઈ તમારે ચિંતા કરવાની હોય? એ તો બધું ધોરણસર વ્યવસ્થિત હોય જ ને! સોનગઢની ભોજનપદ્ધત્તિથી શું તમે અજાણ છો? એકકોર ગુજરાતી શૈલીનું ભોજનાલય હશે, ને બીજીકોર હિંદી ભાઈઓ માટેનું ભોજનાલય હશે; ત્યાગી વગેરેને માટે શુદ્ધભોજન વ્યવસ્થા પણ જરૂર હશે. ઋતુમાં પણ તે વખતે નહિ ગરમી કે નહિ ઠંડી, સમશીતોષ્ણ હશે. સોનગઢનું વાતાવરણ પણ એવું મધુર ને શાંત હશે કે તમને સર્વત્ર પ્રસન્નતા અનુભવાશે.

(વધુ માટે જુઓ પાનું ૩૩)

( લેખાંક ) ( ૧૦ )




( અંક ૩૬૧ થી ) ( ચાલુ )

અહો, જિનમાર્ગનો ઉપદેશ સર્વે જીવોનું હિત કરનાર છે; તે જ ઇષ્ટ–ઉપદેશ છે. વીતરાગી આચાર્યોની પરંપરાથી શુદ્ધ જૈનમાર્ગનો જે ઉપદેશ ચાલ્યો આવે છે તે જ આ પરમાગમોમાં કુંદકુંદસ્વામીએ સંઘર્યો છે. આ ઉપદેશ આત્માનું શુદ્ધ સ્વરૂપ બતાવીને જીવનું હિત કરનાર છે. આવા હિતકારી પરમાગમ સોનગઢના પરમાગમ–મંદિરમાં કોતરાઈ ગયા છે, અને તેનો ભાવ ધર્મીના અંતરમાં કોતરાઈ ગયો છે. આવા પરમાગમની મધુરી પ્રસાદી ગુરુદેવ આપણને રોજ આપી રહ્યા છે.... ને આત્મધર્મ દ્વારા આપ સૌ આનંદથી તે વાંચી રહ્યા છો.

**અહો, અદ્‌ભુત હિતકારી જિનમાર્ગ !**
**તેનો બોધ સર્વે જીવોનું ભલું કરનાર છે; તેનું સેવન કરો.**

બોધપ્રાભૃતની શરૂઆતમાં બહુશ્રુતધારી શુદ્ધ સમ્યક્ત્વ–સંયમસહિત અને કષાયરહિત એવા શુદ્ધ આચાર્યોને વંદન કરીને, કુંદકુંદસ્વામી કહે છે કે–અહો ! જિનવરદેવે સર્વે જીવોને બોધ પમાડવા અર્થે એટલે કે સર્વે જીવોના હિતને માટે જે ઉપદેશ કહ્યો છે તે જ ઉપદેશ હું આ બોધપ્રાભૃતમાં કહીશ. આ ઉપદેશ કેવો છે ? કે છકાયજીવોને સુખકર છે; જે છકાયજીવોની હિંસાથી રહિત છે તેથી છએ કાયજીવોને માટે સુખકર છે. જિનમાર્ગમાં કહેલો આવો ઉત્તમ વીતરાગી બોધ હું આ બોધપ્રાભૃતમાં કહીશ, તેને હે ભવ્ય જીવો ! તમે આદરપૂર્વક સાંભળો ! તે સાંભળતાં, તેના ભાવનું ઘોલન કરતાં તમારા બોધની શુદ્ધિ થશે.

જિનશાસન બધા ભાવોનું જ્ઞાન કરાવે છે, પણ તેમાં શુદ્ધભાવોનું ગ્રહણ કરાવે છે ને હિંસાદિ અશુદ્ધભાવોને તે છોડાવે છે. પાપભાવોનું ને પાપનાં સ્થાનોનું જ્ઞાન કરાવે, પણ તે પાપની પુષ્ટિ કદી ન કરે, પાપથી છોડાવે. એમ જૈનમાર્ગમાં સર્વત્ર વીતરાગભાવનું જ તાત્પર્ય છે, કયાંય પણ હિંસાદિનું પોષણ તેમાં નથી; આવો

શુદ્ધ જૈનઉપદેશ વીતરાગી આચાર્યોની પરંપરાથી ચાલ્યો આવે છે તે જ આ પરમાગમોમાં કુંદકુંદસ્વામીએ સંઘર્યો છે. તે ઉપદેશ જીવનું હિત કરનાર છે. એવા હિતકારી પરમાગમ આપણે અહીં ( સોનગઢમાં ) પરમાગમ–મંદિરમાં કોતરાઈ ગયા છે; તેનો ભાવ ધર્મીના આત્મામાં કોતરાઈ ગયો છે.

અહો, જિનમાર્ગનો આ ઉપદેશ જીવોને ધર્મમાર્ગમાં સાવધાન કરે છે ને કુમાર્ગથી છોડાવે છે. માટે હે ભવ્ય જીવો ! તમે આ ઉપદેશનું શ્રવણ કરો.

ધર્મનું આયતન કયું છે? પરમાર્થે સમ્યક્ત્વાદિ વીતરાગધર્મરૂપે પરિણમેલો આત્મા, તે પોતે ધર્મનો આશ્રય, એટલે ધર્મનું સ્થાન છે; આવા પરમાર્થ ધર્મ–આયતનને ઓળખીને વ્યવહારમાં જિનમંદિર તે ધર્મનું આયતન છે. તેમાં જે જિનબિંબની સ્થાપના છે તે પણ વીતરાગ હોય છે. જેમ ધર્મ વીતરાગ છે, રાગ વગરનો છે, તેમ તેની સ્થાપનારૂપ પ્રતિમા વગેરે પણ વીતરાગ હોય છે, રાગનાં ચિહ્ન તેમાં હોતાં નથી. આવા જિનમાર્ગને હે ભવ્ય જીવો ! તમે ઓળખો; અને જિનમાર્ગથી વિપરીત એવા કુમાર્ગથી દૂર રહો.

ધર્મનું સાચું આયતન જે પોતાનો આત્મા, તેને ભૂલીને એકલા બાહ્ય આયતનના સેવન વડે ધર્મની પ્રાપ્તિ થતી નથી. બહારથી ધર્મની પ્રાપ્તિ કેમ થાય ? અનંત–ગુણધામ આત્મા તે ધર્મનું સ્થાન છે, તેના સેવનથી સમ્યક્ત્વાદિ ધર્મની પ્રાપ્તિ થાય છે. મોક્ષમાર્ગ સ્વદ્રવ્યના આશ્રયે થાય છે, પરના આશ્રયે મોક્ષમાર્ગ થતો નથી.

## * મોક્ષમાર્ગ નિર્ગ્રંથ છે *

સૂત્રપ્રાભૃતની ૨૩મી ગાથામાં આચાર્યદેવ કહે છે કે–નગ્નમુનિપણું તે જ મોક્ષમાર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે. જિનશાસનમાં વસ્ત્રધારી જીવને મુક્તિ નથી,–પછી ભલે તીર્થંકર પણ હોય;–જ્યાં સુધી તે વસ્ત્રસહિત છે ને નગ્ન–મુનિદશા અંગીકાર કરતા નથી ત્યાં સુધી તે પણ મોક્ષને પામતા નથી. વસ્ત્રસહિત દશામાં સમ્યગ્દર્શન હોઇ શકે પણ મુનિપણું હોઇ શકે નહીં. વસ્ત્રસહિત દશામાં મુનિપણું માનવું તે સન્માર્ગ નથી, તે તો ઉન્માર્ગની શ્રદ્ધા છે, તીર્થંકરોના નિર્મોહમાર્ગની તેને ખબર નથી.

રે નગ્ન મુક્તિમાર્ગ છે.....બાકી બધા ઉન્માર્ગ છે.

**णग्गो विमोक्खमग्गो सेषा उम्मगया सव्वे।**

ચારિત્રપ્રાભૃત ગા. ૩૯ માં કહે છે કે–

જીવ–અજીવના ભેદજ્ઞાનરૂપ સમ્યગ્જ્ઞાન, અને રાગાદિ દોષરહિત એવી વીતરાગતા,–તે મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ છે. વીતરાગ–વિજ્ઞાનને મોક્ષમાર્ગ કહ્યો તેમાં આવું વિજ્ઞાન અને આવી વીતરાગતા હોય છે. સમ્યગ્જ્ઞાન વગર ચારિત્ર હોતું નથી, ને ચારિત્ર વગર મોક્ષ હોતો નથી.

* ચારિત્ર કેવું ?–કે રાગ વગરનું; (રાગ તે ચારિત્ર નહીં. )
* જ્ઞાન કેવું? કે જીવ અને અજીવ બંનેના ભિન્નભિન્ન સ્વરૂપને જાણનારું સમ્યગ્જ્ઞાન; (એકલું બહારનું જાણપણું તે જ્ઞાન નહીં.)

આવા જ્ઞાન ને ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્જ્ઞાનની સાથે સમ્યગ્દર્શન આવી ગયું; આ રીતે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે. આવો મોક્ષમાર્ગ હોય ત્યાં બાહ્યમાં નગ્નતા જ હોય છે. શ્રીમદ્રાજચંદ્રજી આવા મોક્ષમાર્ગની ભાવના ભાવતાં કહે છે કે–'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો' તેમાં અંતર અને બાહ્ય બંને પ્રકારે નિર્ગ્રંથ થવાની ભાવના છે.

**ચૈતન્યસ્વરૂપ આત્મા તે જ સાચું ચૈત્ય;**
**તે જેમાં બિરાજે છે તે સાચું ચૈત્યાલય.**

'ચૈત્ય' એટલે જ્ઞાન; તે જેમાં રહે છે તે 'ચૈત્ય–ગૃહ છે. મુનિ વગેરે ધર્મી જીવોના આત્મામાં શુદ્ધજ્ઞાનરૂપ ચૈત્ય વસે છે તેથી તે આત્મા જ ચૈત્ય–ગૃહ છે. પરમાર્થે બધા આત્મા ચૈત્યસ્વરૂપ–ચેતનાસ્વરૂપ છે તેથી તે ચૈત્યગૃહ છે; આવા આત્માના અનુભવરૂપ જ્ઞાનચેતના જેના અંતરમાં વર્તે છે તે જીવ પરમાર્થ ચૈત્ય છે. આ 'ભાવ–ચૈત્ય' છે; ને મંદિર વગેરેમાં ચૈત્ય (જિનપ્રતિમા) ની સ્થાપના તે સ્થાપના–ચૈત્ય છે, તે વ્યવહાર છે. –બંનેને જેમ છે તેમ જાણવા જોઈએ.

ચૈત્યસ્વરૂપ ભગવાન આત્મા છે, તેને જાણીને આદર કરે તે જીવ સુખને અને મોક્ષને પામે છે. અને ચૈત્યસ્વરૂપ આત્માને જે જાણતો નથી ને તેનો વિરોધ કરે છે, તે જીવ દુઃખને અને બંધને પામે છે. ચૈતન્યસ્વરૂપ આત્માના સેવનથી જીવને સુખનો અનુભવ છે; ચૈત્યસ્વરૂપ આત્માથી જે પ્રતિકૂળ વર્તે છે તેને દુઃખનો અનુભવ છે.

પરમાર્થ ચૈત્યગૃહ તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે, ને વ્યવહારમાં તેની સ્થાપનારૂપ ચૈત્ય–મંદિર (જિનમંદિર) વગેરે હોય છે; તે 'સ્થાપના ' ને ન જાણે તો તેનું પણ જ્ઞાન સાચું નથી. સમ્યગ્જ્ઞાનના વિષયમાં નામ–સ્થાપના–દ્રવ્ય ને ભાવ એ ચારે નિક્ષેપ

માનવા જોઈએ. તેનો જે નિષેધ કરે તેને સમ્યગ્જ્ઞાન નથી. એટલે સ્થાપના–નિક્ષેપમાં પણ જિનબિંબ વગેરે હોય છે તેને ધર્મીજીવ યથાર્થ જેમ છે તેમ સ્વીકારે છે. પણ આથી એમ ન સમજવું કે તે પરના આશ્રયે સમ્યગ્દર્શનાદિ થઈ જાય છે. સમ્યગ્દર્શનાદિ તો સ્વદ્રવ્યના જ આશ્રયે છે; જિનપ્રતિમા વગેરે પરદ્રવ્યના આશ્રયે તો શુભરાગ છે, તે શુભરાગથી જિનશાસનમાં પુણ્યબંધન કહ્યું છે, પણ શુભરાગને જિનશાસનમાં મોક્ષહેતુ–ધર્મ નથી કહ્યો. મોક્ષહેતુ–ધર્મ તો મોહરહિત રાગદ્વેષરહિત વીતરાગભાવરૂપ છે. આવા વીતરાગભાવરૂપ ધર્મમાં કોઈ પ્રકારે કોઈ જીવની હિંસા નથી, તેથી તે જ પરમ અહિંસા ધર્મ છે. શુભરાગની ક્રિયાઓમાં તો કંઈક સાવદ્યપણું પણ સંભવે છે, તે કાંઈ પરમાર્થધર્મ નથી. રાગથી ભિન્ન એવી શુદ્ધજ્ઞાનચેતના જે આત્મામાં બિરાજે છે તે આત્મા પોતે જીવંત–ચૈત્યગૃહ છે.

ધર્માત્મા મુનિવરો પોતાના આત્માને ચૈતન્યસ્વરૂપ જાણે છે ને બીજા આત્માઓને પણ ચૈતન્યસ્વરૂપ જાણે છે. શુદ્ધ રત્નત્રયરૂપે થયેલા હાલતા–ચાલતા મુનિવરો તે ‘જિનપ્રતિમા’ છે, જિન જેવા નિર્ગ્રંથસ્વરૂપે તેઓ વિચરે છે. આવી દશાને યાદ કરીને તેની ભાવનાથી શ્રીમદ્–રાજચંદ્ર લખે છે કે ‘હે ચૈતન્ય! જિનપ્રતિમા થા.. જિનપ્રતિમા થા!’

અહો, મુનિઓ, તો રત્નત્રયની સાક્ષાત્ મૂર્તિ છે, તે વંદનીય છે. શાંત–ચૈતન્ય–પ્રતિમા થઈને તેઓ ઉપશાંતરસમાં લીન થયા છે, અસંખ્ય આત્મપ્રદેશોમાં ચૈતન્યનો શાંત–ઉપશમરસ ટપકી રહ્યો છે. એવા વીતરાગ મુનિવરોની બાહ્ય આકૃતિ પણ જિનદેવ જેવી વીતરાગ–દિગંબર હોય છે, રાગવાળી હોતી નથી,–એવો વ્યવહાર જૈનમતમાં છે, તેમની સ્થાપનારૂપ પ્રતિમા પણ તેવી જ વીતરાગ મુદ્રાવાળી હોય છે.

### * જિનપ્રતિમા જિનસારખી.....ભાખી આગમમાંય *

જે શુદ્ધ રત્નત્રયસ્વરૂપ થયા છે અને જેણે મોહને જીત્યો છે તે આત્મા પોતે ‘જિનમૂર્તિ’ છે, તે જૈન–પ્રતિમા છે. ‘હે ચૈતન્ય! તું જિનપ્રતિમા થા!’ એટલે કે અંતરના ચૈતન્યસ્વભાવમાં પરિણમીને વીતરાગ રત્નત્રયરૂપ થા.

જિનપ્રતિમા એટલે કેવળીભગવાન, તે અનંતચતુષ્ટયના ભાવસહિત છે, તેરમા ગુણસ્થાને બિરાજે છે, શાશ્વત સુખરૂપ થયા છે, લોકના કોઈ પદાર્થની ઉપમા જેને આપી શકાતી નથી, જગતના કોઇ બનાવથી જેમના ઉપયોગમાં કદી ક્ષોભ થતો નથી,

એવા અક્ષોભ નિશ્ચલ છે,–સાગર સમાન ગંભીર છે.–આવા અનંતગુણસંપન્ન અરિહંત પરમાત્મા તે સાક્ષાત્ ચૈતન્યમય જિનપ્રતિમા છે; તેમજ દેહાતીત એવા સિદ્ધભગવંતો પણ (ઉપરના સમસ્ત ગુણોસહિત છે તે) સાક્ષાત્ જિનપ્રતિમા છે. ચૈતન્યરૂપ આવા જિનપ્રતિમાને ઓળખીને મૂર્તિમાં જે સ્થાપના કરવામાં આવે છે તે પણ વીતરાગતાની જ સૂચક હોય છે; તેને વસ્ત્ર–આભૂષણ કે ફૂલ–હાર હોતાં નથી.

આત્માને રાગાદિથી ભિન્ન ચૈતન્યભાવરૂપે પરિણમાવવો તે જ જિનપ્રતિમાની પરમાર્થ ઉપાસના છે. કેમકે પરમાર્થ જિનપ્રતિમા ચૈતન્યબિંબરૂપ છે; ને પાષાણપ્રતિમા વગેરેમાં તેની સ્થાપના તે વ્યવહાર છે, શુભરાગમાં તે પણ પૂજ્ય છે. વીતરાગતામાં તો બહારનું આલંબન રહેતું નથી; ત્યાં તો આત્મા પોતે ચૈતન્યભાવરૂપ જિનપ્રતિમા થયો છે...પોતામાં લીન થઈને તે પોતે પોતાને આરાધે છે.

અરિહંત પરમાત્મા છે તે પણ નિશ્ચયથી કેવળજ્ઞાનરૂપ પરિણમેલા આત્મા છે, તે નિશ્ચય–જિન છે; ને તેમનું શરીર કે પ્રતિમાદિમાં સ્થાપના તે વ્યવહાર–જિન છે. અરિહંતદેવના શુદ્ધદ્રવ્ય–ગુણ–પર્યાયને જે ખરેખર ઓળખે છે તે તો રાગાથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માને ઓળખી લ્યે છે. અરિહંત જિનની આવી પરમાર્થ ઓળખાણ સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. તેના જ્ઞાનપૂર્વક જે જિનપ્રતિમા વીતરાગમુદ્રાદર્શક હોય છે તે વ્યવહારમાં વંદનીય હોય છે, ને તેમાં શુભરાગ છે. આવા નિશ્ચય ને વ્યવહાર બંને એકસાથે ધર્મીને હોય છે.

નિશ્ચય અને વ્યવહાર બંને એક નથી પણ જુદા છે, પણ તેઓ બંને એકસાથે રહી શકે છે. બંનેનું સ્વરૂપ જુદું હોવા છતાં, એકસાથે રહેવામાં તેને વિરોધ નથી, એટલે–

જ્યાં શુદ્ધઆત્માની જ્ઞાનદશા (રાગ વગરની) પ્રગટી હોય ત્યાં રાગ સર્વથા હોય જ નહિ–એમ નથી.

તથા જ્યાં રાગ હોય ત્યાં શુદ્ધાત્માનું જ્ઞાન હોય જ નહિ–એમ પણ નથી.

ધર્મી–સાધકને શુદ્ધાત્મજ્ઞાન અને રાગ બંને એકસાથે વર્તે છે–પણ તેમાં જે શુદ્ધજ્ઞાન છે તે તો મોક્ષનું કારણ થાય છે, ને જે રાગ છે તે કર્મબંધનું કારણ થાય છે. આ રીતે એક પર્યાયમાં બંને સાથે હોવા છતાં બંનેનું સ્વરૂપ જુદું છે, બંનેનું કાર્ય જુદું છે. એ વાત સમયસાર કળશ ૧૧૦ માં આચાર્યદેવે સ્પષ્ટ સમજાવી છે. ત્યાં કહે છે કે–

જ્યાંસુધી જ્ઞાનની કર્મવિરતિ બરાબર પરિપૂર્ણતા પામતી નથી ત્યાંસુધી કર્મ અને જ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે; તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી; પરંતુ તેમાં જે કર્મ છે તે તો બંધનું કારણ છે, અને મોક્ષનું કારણ તો જે એક પરમ જ્ઞાન છે તે જ છે, તે જ્ઞાન પોતે કર્મથી છૂટું ને છૂટું મુક્ત જ છે.

### * પંચમકાળે જિનનો વિરહ અમને નથી *

સાક્ષાત્ જિન તીર્થંકરો જીવંત–પ્રતિમાપણે ભરતક્ષેત્રમાં વિચરતા હતા ને ઉપદેશ દેતા હતા. ૨૫૦૦ વર્ષ પહેલાં મહાવીરપ્રભુ મોક્ષ પધાર્યા; પરંતુ ત્યારપછી થયેલા ગૌતમસ્વામી–કુંદકુંદાચાર્યસ્વામી વગેરે વીતરાગસંતોએ જૈનશાસન ટકાવીને, તીર્થંકરોની ગાદીનું સ્થાન ખાલી રહેવા દીધું નથી; તીર્થંકરોના ઉપદેશની પરંપરા વીતરાગી સંતોએ આજ સુધી ટકાવી રાખી છે. અહો, મહાભાગ્યે આજે આવો વીતરાગમાર્ગ પ્રાપ્ત થાય છે. આવો માર્ગ ટકાવનારા વીતરાગ સંતો તેઓ પણ 'જિનપ્રતિમા' છે. જિનનો ઉપદેશ અને તે સંતોનો ઉપદેશ એક જ પ્રકારનો છે, તેમાં ફેર નથી. અહો, સાક્ષાત્ જિનતૂલ્ય આવા સંતો પૂજનીય છે. તીર્થંકરોનો વિરહ એ સંતોએ ભૂલાવી દીધો છે, ને તીર્થંકરોના ઉપદેશનો સાક્ષાત્કાર કરાવ્યો છે. તેથી સાધક કહે છે કે અહો, સંતોના પ્રતાપે આ પંચમકાળમાં અમને જિનનો માર્ગ મળ્યો છે એટલે પંચમકાળે પણ જિનનો વિરહ અમને નથી. અહો, આવા સંતોને જ્ઞાનમાં લઈને તેમનો સર્વ પ્રકારે આદર–બહુમાન કરો.

'જિન' કેવા છે? જિન તો જ્ઞાનચેતનામય છે. આવી જ્ઞાનચેતનાસ્વરૂપે જિનને ઓળખતાં, રાગથી ભિન્ન પડીને જ્ઞાન અંતર્મુખ થાય છે.

## "આત્મભાષા"

અહા, આચાર્યભગવાને સ્વાનુભવનું ઘોલન કરી કરીને એકેક શક્તિ કાઢી છે, એકેક શક્તિના વર્ણનમાં સ્વાનુભવનો રસ રેડયો છે, આ તો વીતરાગી સન્તોની વાણી! આ 'આત્મભાષા' છે. વાણી તો જોકે જડ છે પણ આત્માના અનુભવનું નિમિત્ત લઇને નીકળેલી સન્તોની ભાષા તે 'આત્મભાષા' છે. એના ભાવને જે સમજે તેને અપૂર્વ આત્મજીવન પ્રગટે.

# મોક્ષમાર્ગનું ‘જ્ઞાન’ કેવું છે?

## ભરતક્ષેત્રના જીવો પર કુંદકુંદસ્વામીનો પરમ ઉપકાર છે

જે જ્ઞાન અતીન્દ્રિય થઈને આત્મામાં પહોંચી જાય, રાગથી પાર થઈને, ઇન્દ્રિયોથી પાર થઇને અતીન્દ્રિય આનંદમય આત્મા જેણે પ્રત્યક્ષ કર્યો તે અતીન્દ્રિયજ્ઞાન જ જિનમાર્ગની સાચી મુદ્રા છે–તે જ સાચી નિશાની છે. આવું જ્ઞાન કેમ થાય તે આ સમયસારાદિમાં આચાર્યદેવે અલૌકિક રીતે સમજાવ્યું છે. અહો, સીમંધર તીર્થંકર પાસે જઈને આવું અપૂર્વ શ્રુતજ્ઞાન કુંદકુંદસ્વામીએ ભરતક્ષેત્રના જીવોને આપીને અપાર ઉપકાર કર્યો છે.

મોક્ષમાર્ગમાં ‘જ્ઞાન’ કોને કહેવું?

શુદ્ધ આત્માને જે નિશાન બનાવે, એટલે કે સીધું આત્માની સન્મુખ થઈને તેને જે સાધે તે જ જ્ઞાન મોક્ષમાર્ગનું જ્ઞાન છે; એના વગરનું એકલું બહારનું શાસ્ત્રભણતર, કે દ્વીપ–સમુદ્ર વગેરેનું જ્ઞાન, તેને ખરેખર જ્ઞાન કહેતા નથી, કેમકે તે જ્ઞાન મોક્ષને સાધતું નથી, આત્માને નિશાન બનાવતું નથી. મહાવીરાદિ તીર્થંકરદેવની દેશના તો એવી છે કે જ્ઞાનને સ્વસન્મુખ કરી આત્માને નિશાન બનાવીને તેને સાધો.

જ્ઞાનનું સ્વરૂપ જાણતાં આત્માનું સ્વરૂપ જણાય છે, કેમકે જ્ઞાનનું લક્ષ્ય આત્મા છે; જેમ તીર પોતાના લક્ષ્યની સન્મુખ થઈને તેને વેધે છે તેમ સમ્યગ્જ્ઞાનરૂપી સૂક્ષ્મ બાણ, પોતાના લક્ષ્યરૂપ શુદ્ધાત્માની સન્મુખ થઇને તેને વેધે છે–અનુભવે છે. આવું લક્ષ્યવેધી જ્ઞાન તે મોક્ષનું સાધક છે. તે જ્ઞાન, રાગને પોતાનું નિશાન નથી બનાવતું, રાગથી પાર થઈને શુદ્ધાત્મામાં પહોંચી જાય છે. માટે હે ભવ્યજીવો! જ્ઞાનનું આવું સ્વરૂપ જાણીને તેની ભક્તિથી આરાધના કરો. આવા જ્ઞાન વગર નથી સંયમ હોતો, કે નથી ધ્યાન હોતું. ભલે પંચમહાવ્રત કરતો હોય તોપણ જ્ઞાન વગરના જીવને અસંયમી અને સંસારમાર્ગી જ કહ્યો છે. અને જ્ઞાનવડે જેણે શુદ્ધાત્માને ધ્યેય કર્યો છે તે અસંયમી હોય તોપણ મોક્ષમાર્ગી છે.

णाणम् आदत्थं એટલે આત્મામાં જે સ્થિત છે તે જ જિનમાર્ગમાં સાચું જ્ઞાન છે, અથવા આત્મા જેનો અર્થ છે–આત્મા જ જેનું પ્રયોજન છે એવું જ્ઞાન તે જ

જિનમાર્ગનું જ્ઞાન છે. જેમાં આત્માનું પ્રયોજન ન સધાય, નિજસ્વરૂપ ન સધાય, એવા શાસ્ત્રભણતરને પણ જિનમાર્ગમાં 'જ્ઞાન' કહેતા નથી.

જે જાણે તે જ્ઞાન;–કોને જાણે? પોતાના લક્ષ્યરૂપ શુદ્ધાત્માને જાણે, તે જ્ઞાન છે. જેમ બાણ તેને કહેવાય કે જે પોતાના લક્ષ્યને વેધે; તેમ, પોતાના પરમાત્મસ્વરૂપને જે વેધે–જાણે–અનુભવે તેને જ જૈનશાસનમાં જ્ઞાન કહેવાય છે. જેને સાધવાનું છે એવા નિજસ્વરૂપને જે ન સાધે તેને જ્ઞાન કેમ કહેવાય?

જ્ઞાનનું લક્ષ્ય કાંઈ રાગ નથી; જ્ઞાનથી અભિન્ન એવું આત્મસ્વરૂપ તે જ જ્ઞાનનું લક્ષ્ય છે. આવા લક્ષ્યને વેધવું–જાણવું તે તો (અર્જુનની જેમ) અત્યંત ધીરાનું કામ છે; ચંચળમનવડે આત્મા સાધી શકાય નહિ. આત્માને સાધવા જે જ્ઞાન અંતરમાં વળ્યું તે તો અત્યંત ધીર છે–શાંત છે–અનાકુળ છે, અનંતગુણના મધુર સ્વાદને એક સાથે આત્મસાત કરતું તે જ્ઞાન પ્રગટે છે, ચૈતન્યરસનો અતીન્દ્રિયસ્વાદ તેમાં ભર્યો છે. આવા જ્ઞાનને ઓળખીને આત્માને સાધવો–તે ભગવાન વીરનાથનો માર્ગ છે.

### * જ્ઞાનનું નિશાન શુદ્ધઆત્મા; જ્ઞાનીના વિનયવડે તેને જાણ *

જે જીવ પંચપરમેષ્ઠી ભગવંતો પ્રત્યે વિનયવંત છે તે મોક્ષમાર્ગના જ્ઞાનને પામે છે; તે જ્ઞાન પામીને તે જીવ મોક્ષમાર્ગના લક્ષ્યરૂપ પરમ આત્મસ્વરૂપને લખે છે–જાણે છે –અનુભવે છે. આવું જ્ઞાન જૈનમાર્ગમાં જ્ઞાનીઓની જ પરંપરાથી મળે છે; તેથી જેને જ્ઞાનીના વિનય–બહુમાન ન હોય તે જીવ સાચા જ્ઞાનને પામી શકતો નથી. સર્વજ્ઞ–પરંપરાના જ્ઞાની–આચાર્યોનો વિનય છોડીને જેઓ જૈનમાર્ગથી જુદા પડયા તેઓ મોક્ષમાર્ગનું સાચું જ્ઞાન પામી શકતા નથી.

જ્ઞાનીનો ખરો વિનય પણ ત્યારે થાય કે જ્યારે તેના જ્ઞાનનું સાચું સ્વરૂપ ઓળખે. ઓળખ્યા વગર બહુમાન કોનું? જ્ઞાનનું ધનુષ ને શ્રદ્ધાનાં બાણવડે ધર્મીજીવ પરમાત્મસ્વરૂપને લક્ષ્યરૂપ કરીને, મોક્ષમાર્ગને સાધે છે; તે પોતાના લક્ષ્યને ચુકતો નથી. ભાઈ, તારું લક્ષ્ય તો સાચું કર. લક્ષ્ય જ જેનું ખોટું તે જીવ તેને ક્યાંથી સાધી શકે? લક્ષ્ય હોય પૂર્વતરફ, ને નિશાન તાકે પશ્ચિમ તરફ, તો તે લક્ષ્યને સાધી શકે નહીં, તેનું નિશાન નકામું જાય; તેમ મોક્ષમાર્ગમાં લક્ષ્યરૂપ તો રાગવગરનો ચૈતન્યસ્વરૂપ આત્મા છે, તેના તરફ લક્ષ કરવાને બદલે તેનાથી વિરુધ્ધ એવા શુભરાગને લક્ષ્ય બનાવે તો તેના લક્ષે મોક્ષમાર્ગનું નિશાન કદી સાધી શકાય નહીં. માટે હે ભવ્ય! પહેલાં તો તું જ્ઞાની પાસેથી લક્ષ્યરૂપ શુદ્ધાત્મસ્વરૂપનું જ્ઞાન કર, ને તેને જ ધ્યેયરૂપ

બનાવીને ધ્યાવ. તેના ધ્યેયે તારો મોક્ષમાર્ગ સધાશે. જ્ઞાની પાસેથી સત્ય માર્ગ જાણતાં, માર્ગસંબંધી તારી મુંઝવણ મટી જશે; ને તારું જ્ઞાન પોતાના સાચા નિશાન તરફ (એટલે કે શુદ્ધઆત્મા તરફ) ઝુકી જશે; શુદ્ધાત્માના આશ્રયે સુખે–સુખે મોક્ષમાર્ગ તને સધાશે.

જ્ઞાની–ગુરુગમે શુદ્ધાત્મારૂપ લક્ષ્યને જે જાણતો નથી ને રાગવડે મોક્ષમાર્ગ સાધવા માંગે છે તેને માર્ગની પ્રાપ્તિ કદી થતી નથી. મોક્ષમાર્ગ તો વીતરાગ–સુખરૂપ છે, ને રાગ તો દુઃખરૂપ છે; પોતે દુઃખરૂપ એવો રાગ તે મોક્ષસુખનું કારણ કેમ થાય? બોધસ્વરૂપ આત્માને જે બુઝે–જાણે તે સાચો બોધ છે. બોધસ્વરૂપને ન જાણે તેને બોધ કોણ કહે? રાગમાં કાંઇ એવી તાકાત નથી કે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણે. જ્ઞાનસ્વરૂપ આત્મા જેમાં જણાય એવા બોધનો ઉપદેશ મહાવીર ભગવાને મોક્ષમાર્ગમાં કર્યો છે. શ્રીગુરુ પાસે જઈ વિનયવંત શિષ્યે પૂછયું–હે પ્રભો! જ્ઞાનની પ્રાપ્તિ કરાવો. ત્યારે શ્રીગુરુ કૃપા કરીને તેને એમ કહે છે કે હે ભવ્ય! જ્ઞાનની પ્રાપ્તિ અંતર્મુખ આત્મામાંથી થાય છે માટે તું બહારનું (અમારું પણ) લક્ષ છોડીને તારા આત્માની સન્મુખ થા. પરને લક્ષ્ય બનાવતાં જ્ઞાનપ્રાપ્તિ નહિ થાય; સ્વ. આત્માને લક્ષ્ય બનાવતાં તને જ્ઞાનપ્રાપ્તિ થશે.

અહો, જૈનશાસનનું અલૌકિક જ્ઞાન, કુંદકુંદાચાર્યદેવે પ્રસિદ્ધ કર્યું છે. અહા, જૈનગુરુઓ કેવા પરમ નિસ્પૃહ છે! તેઓ પોતાનો પણ આશ્રય છોડવાનું કહીને જીવને નિજ સ્વભાવનો જ આશ્રય કરાવે છે. આવા વીતરાગી નિસ્પૃહ ગુરુઓએ બતાવેલા સત્ય મોક્ષમાર્ગનો આશ્રય છોડીને જેઓએ કુગુરુના કુમાર્ગનો આશ્રય લીધો તેઓ પોતાના હિતને ચુકીને પોતાનું અહિત કરી રહ્યા છે. તેવા જીવો ઉપર કરુણા કરીને આ વીતરાગી સંતોએ સત્યમાર્ગ જગતમાં પ્રસિદ્ધ કર્યો છે. ભાઈ, આ માર્ગની આરાધનાથી જ તને મોક્ષમાર્ગનું સાચું જ્ઞાન થશે, ને અલ્પકાળમાં તારા ભવદુઃખનો અંત આવી જશે. માટે જિનમાર્ગને જાણીને ભક્તિથી આત્માની આરાધના કર.

જિનરૂપને જાણ્યું નહીં પરની કરી પંચાત,<br>
ક્યાંથી સુખ તુજને મળે? દુઃખી થયો દિનરાત.

# જૈનમાર્ગમાં દેવ-ગુરુ-ધર્મનું અદ્‌ભુત વર્ણન

**જૈનમાર્ગમાં સર્વજ્ઞદેવ તે જ રત્નત્રયના દાતાર છે.**

**સર્વજ્ઞદેવના માર્ગનો અચિંત્ય મહિમા; તેના સેવનથી ભવના અંતની ખાતરી.**

**ભવના અભાવનો ભણકાર ન આવે તો તેં ભગવાનને માન્યા જ નથી.**

**બોધપ્રાભૃતઃ માગશર વદ આઠમ; શ્રી કુંદકુંદસ્વામી આચાર્યપદ–પ્રતિષ્ઠાદિન**

મોક્ષને સાધનારું જ્ઞાન કેવું હોય? તેની વાત આચાર્યદેવે સમજાવી છે. 'દેવ' કેવા હોય? તો કહે છે કે મોક્ષસુખને જે દે તે દેવ છે. જેના સેવનથી મોક્ષસુખ મળે છે એવા અરિહંત પરમાત્મા તે દેવ છે. અને તેમણે કહેલા માર્ગને સાધતાં વચ્ચે સાધકને એવા પુણ્ય થઈ જાય છે કે જેના ફળમાં લોકોત્તર ધર્મ–અર્થ–કામ (સ્વર્ગાદિ વૈભવ) પણ સહેજે મળે છે. જોકે ધર્મીને તેની વાંછા નથી, પણ જૈનમાર્ગનું સેવન કરનારને અરિહંતદેવની સેવાના રાગથી ચક્રવર્તી વગેરે જેવા ઉત્તમ ધર્મ–અર્થ–કામ હોય છે તેવા બીજા મતમાં હોતા નથી, તેથી નિમિત્ત તરીકે અરિહંતદેવ તે ધર્મ–અર્થ–કામ તથા મોક્ષના દેનારા છે–એમ કહ્યું છે. ચક્રવર્તી, તીર્થંકર, ઇન્દ્રપદ વગેરે ઉત્તમ પુણ્યપદવીઓ અરિહંતના માર્ગમાં જ હોય છે, તે પદવી ધારક જીવો અરિહંતમાર્ગના જ ઉપાસક હોય છે. કુમતના સેવનમાં એવા ઊંચા પુણ્ય હોતાં નથી.

ધર્મ–અર્થ–કામ–મોક્ષ દીએ તે દેવ એમ કહ્યું, પણ જેની પાસે જે હોય તે આપે! ભગવાન પાસે તો મોક્ષ છે તેથી તેઓ મોક્ષના જ દાતા પ્રધાનપણે છે. વચ્ચે પુણ્યફળ મળે તેની કાંઈ ધર્મીને વાંછા નથી, છતાં તે હોય છે તેથી તેનું જ્ઞાન કરાવ્યું છે. ખરેખર તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વીતરાગભાવ અને મોક્ષ તેની પ્રાપ્તિમાં ભગવાન નિમિત્ત છે, કેમકે ભગવાન પાસે તો તેનો ભંડાર છે, ને તેની જ ઉપાસનાનો ઉપદેશ ભગવાને કર્યો છે. મોક્ષસુખના કારણરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર, દીક્ષા–પ્રવજ્યા તે ભગવાન અરિહંતદેવના જ માર્ગમાં છે, માટે તેઓ જ તેના દાતાર દેવ છે. જૈનમાર્ગમાં દેવ–ગુરુ – ધર્મ કેવા હોય? તે કહે છેઃ–

વિશુદ્ધ દયારૂપ ધર્મ છે; સર્વસંગના પરિત્યાગરૂપ પ્રવજ્યા છે, એવી પ્રવજ્યાવાળા ગુરુ છે તે જ જૈનમાર્ગમાં ગુરુ છે; અને મોહ જેનો સર્વથા છૂટી ગયો છે એવા સર્વજ્ઞ તે જ દેવ છે. આવા દેવ–ગુરુ–ધર્મનું સેવન તે ભવ્યજીવોનો ઉદય કરનારું છે. અહો, આવો માર્ગ પ્રસિદ્ધ કરીને જે આચાર્યભગવાને મોક્ષમાર્ગના બધા વિઘ્નો દૂર કરી દીધાં છે–એવા કુંદકુંદઆચાર્યભગવાનની આચાર્યપદવીનો આજે મહાન દિવસ છે. અહો 'દેવ' તો વીતરાગતા દેનારા છે, વીતરાગતાનો જ ઉપદેશ ભગવાને દીધો છે. અને જૈનમાર્ગમાં ગુરુ પણ ક્ષણે ક્ષણે વીતરાગતાને જ ભાવનારા છે. અહો, ભવ્ય જીવો! આવા માર્ગનું સેવન કરો. આવા માર્ગને સેવનારા ભવ્યજીવોને મોક્ષમાર્ગનો ઉદય થાય છે.

ભગવાનના માર્ગમાં તો સર્વસંગના પરિત્યાગરૂપ પ્રવજ્યા કીધી છે; વસ્ત્રાદિના પરિગ્રહવાળી પ્રવજ્યા (મુનિદશા) જૈનમાર્ગમાં હોતી નથી; વસ્ત્રસહિત તો શ્રાવકદશા હોય છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી પવિત્ર જળથી ભરેલું આ જૈનમાર્ગરૂપી ઉત્તમ–પવિત્ર સુતીર્થ, તેમાં હે ભવ્ય જીવો! તમે સ્નાન કરો. અહો, જૈનમાર્ગમાં અમારા સર્વજ્ઞ પરમાત્મા પાસે પૂર્ણ જ્ઞાન–વીતરાગતા છે, તેથી તેમના માર્ગના સેવનથી જ વીતરાગતા ને સર્વજ્ઞતા મળે છે; માટે અમારા દેવ જ અમને રત્નત્રયના દાતાર છે, જગતના બીજા કુદેવો પાસે રત્નત્રય છે જ ક્યાં–કે બીજાને આપે? નિમિત્ત તરીકે પણ શુદ્ધરત્નત્રયવાળા જ દેવ હોય. આ રીતે 'દેવ' ને સ્વીકારે તેને રત્નત્રયની પ્રાપ્તિ થાય જ. આચાર્યદેવે પણ કહ્યું છે કે ભગવાને કહેલા આત્મસ્વરૂપને સાંભળીને તું સ્વાનુભવ વડે તેને પ્રમાણ કરજે, એટલે દેવ–ગુરુ પાસે આવીને સ્વાનુભવ કરે એવા જીવો જ સાચા શ્રોતા છે. જે દેવ પાસે આવ્યો, સર્વજ્ઞદેવને જેણે જ્ઞાનમાં સ્વીકાર્યા તે જીવ પોતે પણ તેમનો ઉપદેશ ઝીલી, મોહને તોડીને સ્વાનુભવવડે 'દેવ' જેવો થઇ જ જશે. સર્વજ્ઞને સ્વીકાર્યા ને તે જીવ સર્વજ્ઞ જેવો ન થાય–એમ બની શકે નહિ. ગમે તેવી કટોકટીના કાળમાં પણ, જે ધર્મી જીવે સર્વજ્ઞને પોતાના હૃદયમાં બેસાડયા છે તે જીવ માર્ગથી ડગતો નથી, તેને હવે લાંબા ભવ હોતાં નથી. ભવરહિત એવા ભગવાન સર્વજ્ઞને જેણે સ્વીકાર્યા તે હવે અલ્પકાળમાં ભવરહિત થયે જ છૂટકો. રાગથી પાર સર્વજ્ઞનો જે સ્વીકાર છે તે જ રાગરહિતપણાનો પુરુષાર્થ છે; રાગરહિત સર્વજ્ઞને સ્વીકાર્યા તે હવે રાગમાં અટકે નહીં. એક સમયમાં પૂર્ણાનંદ સ્વરૂપ પરમાત્માને

સ્વીકાર્યા તેમાં આનંદનું વેદન થયા વગર રહે નહિ. ઝગઝગતો કેવળજ્ઞાનસૂર્ય જેણે જ્ઞાનમાં સ્વીકાર્યો તેના જ્ઞાનમાં અંધારા રહે નહિ.

અહા, અમે સર્વજ્ઞ–પરમાત્માને સેવનારા...અમારા આત્મામાં હવે દીનતા રહે નહીં.–જેમ મોટા ચક્રવર્તીને સેવનારા ગરીબ હોય નહી. પૂર્ણ જ્ઞાન–આનંદરૂપ થયેલા સર્વજ્ઞ પરમાત્મા, તેઓ જ પૂર્ણ જ્ઞાન–આનંદનો ઉપદેશ દેનારા છે, ને તેમને ઓળખી તેમના માર્ગને સેવનારા જીવો પણ તેવા જ પૂર્ણ જ્ઞાન–આનંદને પામે છે. અહો, પ્રભો ! અમે આપને સેવનારા, ને અમે હવે ગરીબ કે અલ્પજ્ઞ રહીએ–એમ બને જ નહીં. 'તું સિદ્ધ, હું પણ સિદ્ધ' એવા વિશ્વાસથી ઉપડેલો સાધક અલ્પકાળમાં સિદ્ધ થઈ જશે. આવો આત્મા જેણે અનુભવમાં લીધો તેણે જ ખરેખર સર્વજ્ઞ–કેવળી પ્રભુને સેવ્યા છે. આ રીતે દેવની સેવા કરનાર જીવને નિમિત્ત તરીકે તે દેવ શુદ્ધ રત્નત્રયના દેનાર છે,

જેની પાસે જે હોય તેને સેવતાં તે મળે.
આંબાના ઝાડને સેવતાં આંબા મળે,
લીંબડાના ઝાડને સેવતાં કાંઇ આંબા ન મળે.

તેમ સર્વજ્ઞ–વીતરાગપદ જેણે પ્રગટ કર્યું છે એવા દેવના માર્ગને સેવતાં શુદ્ધ રત્નત્રય મળે છે.

પણ રાગી–દ્વેષી–મોહી જીવો પાસે રત્નત્રય નથી તેથી તેમના સેવન વડે સમ્યક્ત્વાદિ રત્નત્રય પમાતા નથી.

આ રીતે વીતરાગદેવ જ રત્નત્રયના દાતાર છે એમ સમજવું. આ જાણીને હે ભવ્ય જીવો ! તમે કુદેવોનું સેવન છોડીને ભગવાન સર્વજ્ઞદેવના વીતરાગમાર્ગને બહુમાનપૂર્વક સેવો. એના સેવનથી રત્નત્રયની પ્રાપ્તિ થશે ને ભવનો અંત આવશે.

સર્વજ્ઞના માગમાં જે શુદ્ધ રત્નત્રય છે તે જ મહા પવિત્ર તીર્થ છે, તે તીર્થના સેવન વડે વીતરાગ થઇને ભવસાગરને તરાય છે. ને સમ્મેદશિખર–ગીરનાર–શત્રુંજય વગેરે તીર્થો તેના સ્મરણમાં નિમિત્ત છે. ભાવતીર્થ તો રત્નત્રય છે, ને ગીરનાર વગેરે ક્ષેત્ર–તીર્થ છે.

'જ્ઞાનતીર્થ' અથવા ઉત્તમ ક્ષમાદિ શાંત ભાવરૂપ થયેલો આત્મા, તે પરમાર્થ–

તીર્થ છે, તે આત્મા પોતે શુદ્ધભાવવડે સંસારને તરી રહ્યો છે. એવા તીર્થસ્વરૂપ જીવો જ્યાં વિચર્યા તે ભૂમિને પણ ઉપચારથી તીર્થ કહેવાય છે. અંદરના ભાવતીર્થના સ્મરણ માટે તે તીર્થની યાત્રાનો ભાવ ધર્મીનેય આવે છે.

અહો, જૈનધર્મના સેવન વડે સર્વ જીવોનો ઉદય થાય છે તેથી જિનેંદ્ર ભગવાનના શાસનને 'સર્વોદયતીર્થ' કહેવાય છે. શ્રી સમંતભદ્રસ્વામીએ ભગવાનના શાસનને સર્વોદય તીર્થ કહીને સ્તુતિ કરી છે. રત્નત્રયધારક મુનિરાજ તે હાલતા ચાલતા જીવંત તીર્થ છે. આચાર્યદેવ કહે છે કે અહો ભવ્ય જીવો ! સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી પવિત્ર જળથી ભરેલું આ રત્નત્રય તીર્થ–( ત્રિવેણીસંગમની જેમ રત્નત્રયનો જેમાં સંગમ છે ) તેમાં સ્નાન કરો.

* * * * *

## નાની પણ અત્યંત જરૂરી વાત

ગુરુદેવ પ્રવચનમાં અવારનવાર કહે છે કે સમ્યગ્દર્શન પહેલાં પણ, સાધારણ જૈનનેય રાત્રે ખાવાનું હોય નહીં. રાત્રે ખોરાકમાં ત્રસજીવ હોય છે, રાત્રે ખાવું તે તો સીધેસીધા મરેલા ત્રસ જીવને ખાવા જેવું છે. સાધારણ જૈનને પણ રાત્રિભોજન શોભે નહીં. ( ઇંડા કે મધ તે માંસ જેવા જ અભક્ષ છે. મુમુક્ષુને દવામાં પણ તે હોય નહીં. ) એ જ રીતે પીવાનું પાણી યોગ્ય રીતે ગળ્યા વગર જૈન વાપરે નહિ. સાધારણ સ્થૂળ જૈનના સંસ્કાર હોય તે પણ રાત્રે ભોજન કે અણગળ પાણીનો ઉપયોગ કરે નહીં.

જૈનની ભોજનસંસ્થાઓમાં કે લગ્નાદિ પ્રસંગે પણ રાત્રે કે સૂર્યોદય પહેલાં ખોરાક રાંધવાનું સદંતર બંધ થવું જરૂરી છે. કંદમૂળનું ભક્ષણ કે તમાકુ જેવી વસ્તુનું વ્યસન પણ મુમુક્ષુને શોભે નહીં. આશા છે કે દરેક જૈન અને દરેક કાર્યકરો આ વાતનું જરૂર પાલન કરશે. મુંબઈ હો કે સૌરાષ્ટ્ર, ભારતમાં હો કે અમેરિકા જેવા પરદેશમાં,–પણ જૈન માત્રે આટલી વાતનું પાલન કરવું તે પોતાના હિત માટે ઉપયોગી છે, તેમજ જૈનસમાજની શોભા માટે સદાચાર અત્યંત જરૂરી છે

–जय महावीर

**( મહાવીર ભગવાનના મોક્ષગમનનું અઢીહજારમું વર્ષ છે. )**

# જો તુ શિવપુરીપંથનો પથિક થવા ચાહતો હો -તો શું કરવું ? તે આચાર્યદેવ બતાવે છે.

**હે પથિક શિવપુરીપંથના ! ...તું પ્રથમ જાણજે ભાવને;**
**છે માર્ગ સાધ્ય પ્રયત્નથી; નહિ ભાવવિરહિત લિંગથી.**

( ભાવપ્રાભૃત ગાથા–૬ )

“હે શિવપુરીપંથના પથિક! ” વીતરાગભાવ વગરના એકલા બાહ્ય દિગંબર લિંગથી તને શું લાભ છે? શુદ્ધભાવ વગરના લિંગથી કાંઈ મોક્ષમાર્ગ સધાતો નથી; જિનવરદેવે કહેલો મોક્ષમાર્ગ તો સમ્યક્ત્વાદિ શુદ્ધભાવરૂપ પ્રયત્ન વડે જ સાધ્ય છે. માટે પ્રથમ તું ભાવને જાણ.

અહા, જુઓ તો ખરા! આચાર્યદેવે ભવ્યજીવને કેવું મધુરું સંબોધન કર્યું છે!! ‘શિવપુરીપંથના પથિક! ’ એમ કહીને બોલાવ્યો છે. અરે ભાઈ! તું તો શિવપુરીના માર્ગે ચાલનારો છો ને! તો શિવપુરીનો માર્ગ શુદ્ધભાવ વડે જ સાધી શકાય છે; માટે પ્રથમ તું શુદ્ધભાવને જાણીને તેનો પ્રયત્ન કર. કાંઈ શુભરાગ વડે કે માત્ર બહારના દિગંબર મુનિભેષ વડે મોક્ષમાર્ગ સધાતો નથી. તું અનાદિકાળથી શુદ્ધભાવ વગર જ સંસારમાં રખડયો. શુભાશુભ ભાવો તો તેં અનંતકાળમાં અનંતવાર કર્યા છે, દ્રવ્યલિંગ પણ અનંતવાર ધાર્યા છે–પણ શિવપુરીનો માર્ગ હજીસુધી તારા હાથમાં ન આવ્યો; માટે હવે તું સમજ કે તેનાથી જુદી જાતનો, શુદ્ધભાવરૂપ મોક્ષમાર્ગ છે; એમ જાણીને એવા શુદ્ધભાવનો ઉદ્યમ તું કર. આત્માનું સ્વરૂપ જાણીને સ્વસન્મુખ પરિણતિ તે શુદ્ધભાવ છે, તે જ શિવપુરીનો ઉદ્યમ છે. આવા માર્ગે જિનેશ્વરદેવો મુક્તિ પામ્યા છે, ને તે જ માર્ગ જગતના ભવ્ય જીવોને ઉપદેશ્યો છે.–

**અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી, નિવૃત્ત થયા; નમું તેમને.**

( પ્રવચનસાર–૮૨ )

પ્રથમ સમ્યગ્દર્શન તે શુદ્ધભાવ છે, મુનિપણું તે પણ શુદ્ધભાવ છે, કેવળજ્ઞાન તે પૂર્ણ શુદ્ધભાવ છે.–આ શુદ્ધભાવરૂપ પ્રયત્ન વડે જ મોક્ષ સધાય છે.

શુભાશુભ કષાયભાવો તેને પણ પ્રયત્ન તો કહેવાય, પણ તે મોક્ષનો પ્રયત્ન નથી, તે તો સંસારનો પ્રયત્ન છે. મોક્ષનો પ્રયત્ન તો શુદ્ધભાવરૂપ વીતરાગભાવરૂપ છે. આવા ભાવને હે ભવ્ય! તું જાણ...તો તને શિવપુરીનો પંથ હાથમાં આવશે. શિવનગરી એ જ તારું સાચું કાયમી રહેઠાણ છે. આનંદધામ તારું ચૈતન્યતત્ત્વ, તેમાં તું જા....તે જ તારો માર્ગ છે. પ્રભુ! તારું તત્ત્વ તો તારા અંતરમાં હોય, કે શરીરમાં ને રાગમાં હોય? નગ્ન શરીરમાં ને રાગમાં ગોતવા જઇશ તો ત્યાં તને મોક્ષમાર્ગ નહિ મળે, તેમાં તો સંસારની ચારગતિ મળશે. મોક્ષના પંથને તારે શોધવો હોય તો અંદરમાં શુદ્ધ ભાવમાં પ્રયત્નવડે શોધ. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને ભગવાને મોક્ષમાર્ગ કહ્યો છે, ને તે તો આત્માનો શુદ્ધભાવ છે. દિગંબર શરીર તે કાંઈ આત્મભાવ નથી, તે તો અનાત્મભાવ છે; રાગ તે પણ કાંઈ શુદ્ધ આત્મભાવ નથી, પરમાર્થે તે પણ અનાત્મભાવ છે; સમ્યક્ત્વાદિભાવ તે શુદ્ધ આત્મભાવ છે, તે જ મોક્ષમાર્ગ છે. અરે જીવ! એકવાર તું આવા સત્ય માર્ગને જાણ તો ખરો!–તને મહા આનંદમય શિવપુરીનો માર્ગ હાથમાં આવશે.

ભાઈ! તારે મોક્ષને સાધવો હોય તો બહારના સાધનમાં કે શુભરાગમાં તું લલચાઈ ન જઈશ, તેને મોક્ષનું સાધન માની ન લઇશ. મોક્ષનું સાધન તો રાગથી પાર, જડ શરીરથી પાર, અંદરના શુદ્ધ ચૈતન્યભાવરૂપ છે, તેનો પ્રયત્ન તું કરજે. **અમે તો તને શિવપુરીનો પંથ બતાવીએ છીએ. માટે હે શિવપુરીપંથના પથિક! તું આવા માર્ગને જાણીને પ્રયત્નવડે આ માર્ગમાં આવ. આ માર્ગથી અલ્પકાળમાં જ તું આનંદમય શિવપુરીમાં પહોંચીશ, રાગના માર્ગ તો, અનંતકાળથી ચાલવા છતાં શિવપુરી તારા હાથમાં ન આવી, ને તું સંસારમાં જ રહ્યો; તે શિવપુરીનો પંથ નથી. શિવપુરીનો પંથ અમે જોયેલો, ને જાતે અનુભવેલો આ શુદ્ધભાવરૂપ છે, શુદ્ધોપયોગ તે પ્રસિદ્ધ શિવમાર્ગ છે; તેને જાણીને પ્રયત્ન વડે તું આ શિવપુરીપંથમાં આવ.**

# વીરનો મારગ છે શૂરાનો.....

( આ ચિત્રમાં પીંછી ભૂલથી ઊલટી દોરાઈ ગઈ છે. પીંછી મુનિના હાથમાં જોઈએ, આ ક્ષતિ દરગુજર કરવા વિનંતી છે. )



ચિત્રમાં સ્ત્રી એ રાગનું પ્રતિક છે. શૂરવીર થઈને જે વીરમાર્ગને સાધવા નીકળ્યા તે રાગની સામે જોવા ઊભા રહેતા નથી.



રાજપુત્ર પરણીને આવ્યો ત્યાં યુદ્ધની હાક વાગી. શૂરવીર માતાએ પુત્રને તિલક કરીને વિદાય આપી. રજપૂતાણીએ પણ બહાદૂરીથી વિદાય આપી. –પણ...



–પણ, પ્રેમનો માર્યો રાજપુત્ર, યુદ્ધમાં જતાં જતાં મુખ પાછું ફેરવીને સ્ત્રી સામે નજર કરે છે...યુદ્ધટાણે પતિમાં આવી નબળાઇ દેખીને રજપૂતાણીનું લોહી ઊછળી જાય છે....અને પળવારમાં નિર્ણય કરીને હાકલ કરે છે–

# ... કાયરનું નહીં કામ જો...


ઊભા રહો! લડાઈમાં જતાં જતાં મારા મોઢાનો રાગ રહી જશે...તો યુદ્ધમાં તમે કેમ જીતશો? લ્યો, આ માથું ભેગું લઈ જાવ! એમ કહી શૂરવીર રજપૂતાણીએ માથું કાપીને પતિ સામે ધરી દીધું..



માતા પણ શૂરાતન ચડાવતાં કહે છે–અરે કાયર! અત્યારે યુદ્ધટાણે તું સ્ત્રીના રાગમાં રોકાયો? રાગ છોડ.... ને યુદ્ધમાં જીતવા માટે શૂરવીર થા!



બસ, માતાનાં વેણ સાંભળતાંવેંત વીરતા જાગી ઊઠી; રાગના બંધન તોડીને શત્રુ પર વિજય મેળવવા ઊછળ્યો....ને દુશ્મનો દૂર ભાગ્યા!



વીરનો મોક્ષમાર્ગ સમજવા માટે ગુરુદેવનું પ્રવચન ૨૬ મા પાને વાંચો.

# હરિનો મારગ છે શૂરાનો

## મોક્ષના સાધક શૂરવીર હોય છે, તે રાગની પ્રીતિમાં રોકાતા નથી

( પંચાસ્તિકાય ગાથા ૧ ઉપરના પ્રવચનમાંથી )

મોક્ષના સાધક જીવો શૂરવીર હોય છે; તે માટેનું દ્રષ્ટાંત આપે પાછળના ચિત્રોમાં જોયું; અહીં તે સંબંધી પ્રવચન આપ્યું છે. ભગવાન તીર્થંકરદેવનો ઉપદેશ–કે જે નિર્બાધપણે શુદ્ધાત્માની પ્રાપ્તિ કરાવનારો છે તે ઉપદેશ ઝીલીને જે જીવ ચિદાનંદસ્વભાવને સાધવા નીકળ્યો તેના પુરુષાર્થનો વેગ સ્વભાવ તરફ હોય છે. તે પરભાવ સામે જુએ નહિ, પરભાવની પ્રીતિમાં તે અટકે નહિ. 'આ રાગનો કણિયો શુભ છે, તે મને કંઈક લાભ કરશે, કંઈક મદદ કરશે–એમ રાગની સામે જોવા મોક્ષાર્થી જીવ ઊભો ન રહે,....એ તો નિરપેક્ષ થઈને વીરપણે વીતરાગસ્વભાવ તરફની શ્રેણીએ ચડે છે. તીર્થંકરોની ને વીરસંતોની વાણી જીવને પુરુષાર્થ જગાડનારી છે. તે કહે છે કે અરે જીવ! તું વીતરાગમાર્ગને સાધવા નીકળ્યો ને ત્યાં વચ્ચે પાછો વળીને રાગની સામે જોવા ઊભો રહે છે?–અરે નમાલા! શું તું વીતરાગમાર્ગને સાધવા નીકળ્યો છે? શું આમ રાગની સામે જોયે વીતરાગમાર્ગ સધાતા હશે? તું વીતરાગમાર્ગ સાધવા નીકળ્યો ને હજી તને રાગનો રસ છે?–છોડી દે એ રાગનું અવલંબન, છોડ એનો પ્રેમ!–ને વીર થઈને ઉપયોગને ઝુકાવ તારા સ્વભાવમાં. વીતરાગમાર્ગનો સાધક શૂરવીર હોય છે, તે એવો કાયર નથી હોતો કે ક્ષણિક રાગની વૃત્તિથી લૂંટાઈ જાય. 'હરિનો મારગ છે શૂરાનો....કાયરનું નહીં કામ જો... ' જેમ અરિહંતો મોહશુત્રને જીતવામાં શૂરવીર છે, તેમ અરિહંતનો ભક્ત એવો સાધકજીવ પણ શૂરવીર હોય છે.

આ વાત સમજાવવા રાજપુત્રનું દ્રષ્ટાંતઃ એક રજપૂત, જુવાનજોધ તાજો જ પરણીને આવેલો. ત્યાં તો રાજ ઉપર શત્રુ આવ્યા, તેને જીતવા માટે લડાઈમાં જવાની હાકલ વાગી...રજપૂતને લડાઇમાં જવાનું થયું; રજપૂત–માતાએ હસતે મુખડે તિલક

કરીને દીકરાને વિદાય આપી. બહાદૂર રજપૂતાણીએ પણ બહાદૂરીથી પતિને વિદાય આપી. પણ–તે રજપૂત લડાઈમાં જતાં જતાં નવી પરણેલી પત્ની ઉપર ઘણા પ્રેમને લીધે વારંવાર પાછો વળીને તેના મોઢા સામે જોયા કરે....ઝટ તેના પગ ઉપડે નહિ. ખરે ટાણે તેની આ ઢીલાશ જોઇને વીર રજપૂતાણીથી રહેવાયું નહિ, હાકલ પાડીને તેણે કહ્યું; ઊભા રહો. આ મોઢાનો મોહ તમને રોકે છે! આ મોઢું ભેગું લેતા જાવ એટલે તમારું ચિત્ત લડાઇમાં લાગે. –એમ કહીને તેણે પોતાનું માથું કાપીને તેની સામે ધરી દીધું. રજપૂત તો આભો જ બની ગયો....તેની માતા કહે છેઃ અરે કાયર! તેં રજપૂતાણીના દૂધ પીધાં છે; ને આ લડાઈમાં જવાના, શૂરવીર થવાના ટાણે બાયડીનું મોઢું જોવા તું રોકાણો? છોડ એ વૃત્તિ! શું આ રાગની વૃત્તિમાં રોકાવાના ટાણાં છે? અરે, આ તો શૂરવીર થઈને શત્રુને જીતવાના ટાણાં છે, અત્યારે રાગની વૃત્તિમાં રોકાવાનું ન હોય....તેમ–

જે જીવ ચૈતન્યને સાધવા નીકળ્યો, ને એમ કહે છે કે રાગથી કાંઈક લાભ થશે, ક્યાંક રાગના અવલંબનથી જરાક લાભ થશે,–એમ રાગની વૃત્તિ સામે જોઈને કાયરપણે જે અટકયો છે, ને અંતરમાં ચૈતન્યમાં ઝુકાવતો નથી. એવા કાયરજીવને જિનવાણી માતા શૂરાતન ચડાવે છે કે અરે જીવ! તું શૂરવીર થઈને ચૈતન્યને સાધવા નીકળ્યો છો, તું વીરમાર્ગમાં મોહને જીતવા નીકળ્યો છો, તો રાગની રુચિ તને ન પાલવે. રાગની સામે જોઇને રોકાવાના આ ટાણાં નથી; આ તો રાગની રુચિ તોડીને શૂરવીરપણે મોહશત્રુને મારવાના ને ચૈતન્યને સાધવાના ટાણાં છે. વીરમાર્ગના સાધક શૂરવીર હોય છે, તે એવા કાયર નથી હોતા કે રાગની વૃત્તિમાં અટકી જાય. વીરનો વીતરાગમાર્ગ શૂરાનો છે. એ તો રાગના બંધન તોડીને શૂરવીરપણે મોહશત્રુને હણે છે ને ચૈતન્યને સાધે છે.

## સુવર્ણના કણિયા

( અષ્ટપ્રાભૃત પ્રવચનોમાંથી )

* રત્નત્રયની આરાધનામાં સ્વદ્રવ્યનું જ સેવન છે, પરદ્રવ્યનું સેવન નથી. આવા રત્નત્રયને જે જીવ આરાધે છે તે આરાધક છે અને એવા આરાધક જીવ રત્નત્રયની આરાધનાવડે કેવળજ્ઞાન પામે છે, એ વાત જિનમાર્ગમાં પ્રસિદ્ધ છે. રત્નત્રયની આરાધના પરના પરિહારપૂર્વક આત્માના ધ્યાનથી થાય છે.
* સમ્યગ્દર્શનથી જે શુદ્ધ છે તે શુદ્ધ છે. સમ્યગ્દર્શનનો આરાધક જીવ અલ્પકાળે સિદ્ધિ પામે છે. સમ્યગ્દર્શન વગરનો જીવ ઇષ્ટસિદ્ધિને પામતો નથી. આ રીતે મોક્ષની સિદ્ધિ માટે સમ્યગ્દર્શનની આરાધના પ્રધાન છે.

# ચાલો ચાખીએ પંચપરમેષ્ઠીનો પ્રસાદ

## ( વેલાવેલા આવજો સૌ આનંદ–ઉત્સવમાં... )

ભારતના હે ભવ્યજનો! પરમાગમોમાં પંચપરમેષ્ઠી ભગવંતોએ આત્માના આનંદનો જે વીતરાગી પ્રસાદ ભર્યો છે તેનો સ્વાદ ચાખવો હોય તો સુવર્ણપુરીમાં આવો.... સુવર્ણપુરીમાં કહાનગુરુ આપણને દરરોજ એ વીતરાગીપ્રસાદ પીરસે છે, ને હમણાં તો હોંશે–હોંશે ખોબા ભરીભરીને પીરસે છે...તમે સૌ પરમાગમનો એ પ્રસાદ લેવા સોનગઢના આનંદ ઉત્સવમાં વેલાવેલા આવજો...આવજો...આવજો....એમ ભાવ–ભીનું નિમંત્રણ છે. ( સં. )

વીર સં અઢીહજારઃ પોષ વદ તેરસ...આજ સવારથી જ સોનગઢનું વાતાવરણ મંગલમય હતું....દેવ–શાસ્ત્ર–ગુરુની પ્રતિષ્ઠાના મંગલ–વધામણાં આજથી શરૂ થતાં હતા....પરમાગમના મંગલ મંડપે પંચપરમેષ્ઠીની પ્રસાદી લેવા ને મંગલ ઉત્સવ ઉજવવા સર્વે સાધર્મીઓને ઉમંગભર્યા આમંત્રણ આજે મોકલાતા હતા. સૌના અંતરમાં મંગલ ઉત્સવના પડઘમ વાગતા હતા. શરૂઆતના મંગલમાં પંચપરમેષ્ઠીની પ્રસાદી જેવા પંચ પરમાગમની પરમાગમ મંદિરમાં પધરામણી થઇ...જિનવાણીના મંગલ ગીતથી વાતાવરણ ગૂંજી રહ્યું. લોકમાં તો માતા હાલરડાં ગાઇને બાળકને સંભળાવે, અહીં તો જિનવાણીમાતાના બાળકો ઉમંગભર્યા ગીત ગાતા હતા. ગીત પૂરા થતાં જેમ માતા બાળકની સંભાળ લેવા દોડી આવે તેમ જિનવાણી–માતા વિદેહથી દોડી આવ્યા, ને શ્રી ગુરુમુખેથી જિનવાણીનો મધુર પ્રવાહ છૂટવા લાગ્યો.

હે જીવ! તારો આત્મા જ તારું આલંબન છે. તારા જ્ઞાન–દર્શન–ચારિત્ર–પરિણામમાં તારો આત્મા જ તને આલંબન છે; તારું આત્માનું આરામસ્થાન આત્મા જ છે, તેમાં અંતર્મુખ થઈ એકાગ્ર થતાં રાગાદિ પરભાવ છૂટી જાય છે ને આતમરામ પોતાના સાચા રૂપમાં આવે છે.

અહો, જિનવાણી તો જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન કરાવે છે; ‘ભેદવિજ્ઞાનતઃ

સિદ્ધા, સિદ્ધા યે કિલ કેચન’ જે કોઇ જીવો સિદ્ધ થયા છે તેઓ ભેદજ્ઞાન વડે જ સિદ્ધ થયા છે. આવી સિદ્ધદશાનો આધાર, ને આવા ભેદજ્ઞાનનો આધાર આત્મા પોતે છે એવી તેની અધિકરણશક્તિ છે, બીજું કોઈ તેનું આલંબન નથી.

ધર્માત્મા એમ અનુભવે છે કે હું પોતે મારા જ્ઞાન–દર્શન–ચારિત્રની નિર્મળ પર્યાયમાં છું; રાગમાં હું નથી, શરીરમાં હું નથી; ને મારી નિર્મળ જ્ઞાનાદિ પર્યાયમાં રાગ કે શરીર નથી, મારો આત્મા જ મારી જ્ઞાનાદિ પર્યાયમાં તન્મય વર્તે છે, ને મારી તે પર્યાયોમાં મારો આત્મા જ આલંબન છે.–અંતર્મુખ થઇને આવું આલંબન જેણે લીધું તેણે પોતાના આત્મામાં પરમાગમરૂપ ભાવશ્રુતની પ્રતિષ્ઠા કરી. આવું શુદ્ધાત્માનું આલંબન તે જ સર્વ જિનાગમનો સાર છે.

ભાવલિંગી મુનિ તેમજ તેના પેટામાં સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્મા પણ, પોતાના જ્ઞાનાદિની નિર્મળ પર્યાય સાથે આત્માને અભેદ અનુભવે છે; તે વાત ભગવાન કુંદકુંદાચાર્યદેવ ભાવપ્રાભૃતની ૫૮ મી ગાથામાં બતાવે છે–

आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य।
आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे।।५८।।

અહો, જ્ઞાન–દર્શન–ચારિત્રનો જે ભાવ મારામાં પ્રગટયો છે તેમાં મારો આત્મા જ તન્મય છે, તેમાં આત્માનું જ આલંબન છે; તે જ્ઞાનાદિમાં કોઇ રાગનું, શાસ્ત્રના શબ્દોનું કે પરનું આલંબન નથી. મારી જ્ઞાનપરિણતિ રાગને તાબે થયેલી નથી, તે તો આત્મામાં સ્વવશ વર્તે છે.

અહો, જન્મ–મરણના આંટા જેને મટાડવા હોય તેને માટે આ વાત છે. વીર થઈને વીરના માર્ગને સાધવાની આ વાત છે. આ વીરનો માર્ગ છે, કાયરનો માર્ગ નથી. શૂરવીર થઈને એટલે રાગથી પાર થઈને, અંદર ચૈતન્ય–કારણપરમાત્માનો જેણે સ્વીકાર કર્યો તેને મોક્ષમાર્ગરૂપી કાર્ય થવા જ માંડયું છે. જેને આવું કાર્ય નથી પ્રગટયું તેણે અંદર કારણપરમાત્માનો સ્વીકાર જ કર્યો નથી. જે કારણ પરમાત્માને સ્વીકારે છે તેને તો તેનું સમ્યગ્દર્શનાદિ કાર્ય પણ વિદ્યમાન વર્તે જ છે. અહો, કારણ–કાર્યની સંધિની આ અપૂર્વ વાત છે.

ધર્મી જીવ જાણે છે કે મારા સમ્યગ્દર્શનમાં, મારા સમ્યગ્જ્ઞાનમાં મારો આત્મા જ મને અવલંબનરૂપ છે. કોઈ બીજાના અવલંબને મારી શ્રદ્ધા–જ્ઞાનપર્યાય થઈ નથી. શાસ્ત્રના અવલંબને કે રાગના અવલંબને મારી સમ્યક્ત્વાદિ પર્યાય થઈ

નથી. વનવાસ વખતેય ધર્માત્મા સતી–સીતા જાણતી હતી કે આ વનજંગલમાંય અમારો આત્મા જ અમારું શરણ છે; અમારી શ્રદ્ધાનું, જ્ઞાનનું, શાંતિનું આલંબન અમારો આત્મા જ છે, તેના જ અવલંબનથી અમારા શ્રદ્ધા–જ્ઞાન–શાંતિ છે. અયોધ્યામાં હતી ત્યારે શરણવાળી હતી ને હવે જંગલમાં અશરણ થઇ ગઇ–એમ તે માનતી નથી. અયોધ્યા વખતેય કંઈ તે અયોધ્યા, રામ, કે રામ પ્રત્યેનો રાગ–એ કોઇ અમારું શરણ ન હતું, તે કોઈના શરણે અમારી શાંતિ કે જ્ઞાનાદિ ન હતા; તે વખતેય અમારો આત્મા જ અમારું શરણ હતું. ને અત્યારે વનમાં પણ અમારો શાશ્વત જ્ઞાનમય આત્મા જ અમારું શરણ છે.

અરે, આવો પોતાનો આત્મા જેના વેદનમાં ન આવ્યો એને શ્રદ્ધા કેવી ? ને જ્ઞાન કેવું ? બાપુ, તારી શ્રદ્ધા–જ્ઞાનપર્યાયમાં તો તારો આત્મા હોય કે બીજું કોઈ હોય ? વીતરાગની વાણી તો તારું તત્ત્વ તારામાં જ બતાવે છે. તારો આત્મા તારા જ્ઞાનાદિની નિર્મળપર્યાયમાં વર્તે છે, બહાર નથી વર્તતો. તારી અનુભૂતિમાં તારા દ્રવ્ય–પર્યાય અભેદ છે, વચ્ચે ત્રીજું કોઈ તેમાં આવતું નથી. નિર્વિકલ્પઅનુભૂતિમાં તો 'આ દ્રવ્ય ને આ પર્યાય' એવા ભેદ પણ રહેતા નથી. આવો આત્મા ધ્યાનવડે શ્રદ્ધામાં–જ્ઞાનમાં – ચારિત્રમાં આવે તેનું નામ શુદ્ધ ભાવ છે, ને તે મોક્ષનું કારણ છે. આવા શુદ્ધભાવ સિવાય બીજું કોઇ મોક્ષનું કારણ નથી.

ધર્મી નિઃશંક જાણે છે કે મારી જ્ઞાન–દર્શન–ચારિત્ર પર્યાયમાં મેં મારા ચૈતન્ય–પ્રભુને સ્વીકાર્યો છે; ને મારી પર્યાયમાં તે સ્પષ્ટ–પ્રગટ વર્તે છે. અહા, ચૈતન્યપ્રભુ... જેનામાં સાદિ–અનંતકાળની અનંત–અનંત સુખદશા પ્રગટવાની તાકાત, જેનામાં અનંત કેવળજ્ઞાનપર્યાયરૂપ થવાની તાકાત,–એનો જે પર્યાયમાં સ્વીકાર થયો તે પર્યાય તો સુખ અને કેવળજ્ઞાન તરફ પરિણમવા લાગી; રાગથી છૂટીને સ્વભાવમાં નમી ગઈ.–એવી પર્યાયમાં અખંડ આત્માને ધર્મી અનુભવે છે. ધર્મીને કોઇ પર્યાયમાં પોતાના પરમાત્માનો વિરહ નથી. મારી પર્યાયના મંડપે મારા ચૈતન્યપ્રભુ પધાર્યા છે.

જુઓ, આ મહોત્સવના માંગલિક થાય છે. આજે કંકોતરી લખવાનું મૂરત છે... તેમાં આ પહેલી મંગળકંકોતરી ચૈતન્યપ્રભુને લખી...ચૈતન્યપ્રભુ ! તમે મારી પર્યાયમાં પધારજો....મારી પર્યાયમાં રાગ નહિ, મારી પર્યાયમાં તો મારો ચૈતન્યપ્રભુ બિરાજે છે – એમ ધર્મી અનુભવે છે. એની પરિણતિમાં પ્રભુ પધાર્યા છે. તે પરિણતિ હવે મોક્ષદશા લીધા વગર પાછી ફરે નહિ. પર્યાયે–પર્યાયે પ્રભુને સાથે રાખીને મોક્ષ લીધે જ છૂટકો.

* * *

પ્રવચન પછી શ્રી મહાવીર–કુંદકુંદ પરમાગમમંદિરમાં મહાવીરપ્રભુની પ્રતિષ્ઠાના પંચકલ્યાણક મહોત્સવની તથા ઉદ્‌ઘાટન મહોત્સવની નિમંત્રણપત્રિકા લખવાનો મંગલ પ્રારંભ થયો હતો; શરૂઆતમાં વિદ્વાન ભાઈશ્રી હિંમતભાઈએ તે નિમંત્રણપત્રિકા સભામાં વાંચી સંભળાવ્યા બાદ, પૂ. ગુરુદેવે સુહસ્તે તે કુમકુમપત્રિકામાં કેશરનો ૐ લખીને મંગળ કર્યું હતું. ત્યારબાદ મુરબ્બીશ્રી રામજીભાઈ તથા પ્રમુખશ્રી નવનીતભાઈ દ્વારા લખાયેલી કંકુ છાંટી પ્રથમ કંકોતરી સભાજનોના હર્ષોલ્લાસ વચ્ચે પૂ. ગુરુદેવના કરકમળમાં, તેમજ પૂ. બેનશ્રી–બેનને અર્પણ કરવામાં આવી હતી.

કંકોતરી લખવાની મંગલવિધિ બાદ તુરત જ પ્રતિષ્ઠામહોત્સવ માટેના ઇન્દ્રોની ઉછામણી થઈ હતી, તેમાં પ્રથમ સૌધર્મઇન્દ્રની બોલી શેઠશ્રી પૂરણચંદજી ગોદિકાએ લીધી હતી તથા ઇશાનઇન્દ્રની બોલી સુરતના ભાઈશ્રી મનહરલાલ ધીરજલાલે લીધી હતી. હાલ કુલ ૧૩ ઇન્દ્રોની ઉછામણી થયેલ છે, ને બાકીનાં ત્રણ ઇન્દ્રોની તથા કુબેરની ઉછામણી ઉત્સવ વખતે ( ફાગણ સુદ ચોથના રોજ ) બોલવામાં આવશે.

ભગવાનના પિતા–માતાની સ્થાપનાનું સૌભાગ્ય વિદ્વાન ભાઈશ્રી લાલચંદભાઈ મોદી ( રાજકોટવાળા ) તથા તેમના ધર્મપત્ની શ્રી નવલબેનને મળેલ છે.

આ ઉપરાંત ભગવાન કુંદકુંદસ્વામી–અમૃતચંદ્રસ્વામી–પદ્મપ્રભસ્વામી–એ શાસ્ત્ર–કાર ત્રિપુટીનાં મહાન ચિત્રો પોતાના તરફથી કરવાની જાહેરાત પણ મુમુક્ષુ ભાઈબહેનો તરફથી થઈ હતી. અને કુંદકુંદસ્વામીના ચરણપાદૂકા લઇ આવવાની ઊછામણી પણ હર્ષોલ્લાસપૂર્વક આફ્રિકાવાળા રાયચંદભાઈએ લીધી હતી. ( આ દરેક વસ્તુની સ્થાપના કરવાની ઉછામણી બાકી છે, તે ઉત્સવ વખતે થશે. )

આ મહાન પ્રતિષ્ઠા ઉત્સવ માટે ગામેગામના મુમુક્ષુઓને ઘણો ઉલ્લાસ વર્તે છે. મંગલ ઉત્સવનો કાર્યક્રમ તા. ૨૭ ફેબ્રુઆરીથી તા. ૬ માર્ચ સુધી ( ફાગણ સુદ પાંચમથી તેરસ સુધી ) આઠ દિવસનો છે, જે નિમંત્રણપત્રિકામાં આપે વાંચ્યો હશે, તે નીચે મુજબ છે–

**ફાગણ સુદ પાંચમ ( તા. ૨૭ )** : શાંતિજાપ, પ્રતિષ્ઠામંડપમાં ભગવાનની પધરામણી, જૈન ધ્વજારોહણ, તથા પંચપરમેષ્ઠી પૂજન–પ્રારંભ.

**ફાગણ સુદ છઠ્ઠ ( તા. ૨૮ )** : નાંદીવિધાન, ઇન્દ્રપ્રતિષ્ઠા, પૂજાવિધાન પૂર્ણ, અભિષેક, મૃત્તિકાનયન વગેરે.

**ફાગણ સુદ સાતમ (તા. ૧-૩-૭૪)** : યાગમંડલવિધાન, જલયાત્રા, ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયા.

**ફાગણ સુદ આઠમ (તા. ૨)** : વીરપ્રભુનો ગર્ભકલ્યાણક, વેદીશુદ્ધિ વગેરે.

**ફાગણ સુદ નોમ, રવિવાર (તા. ૩)** : જન્મકલ્યાણક–અભિષેક–પારણાઝૂલન, રાજતિલક, રાજસભા.

**ફાગણ સુદ ૧૧ (તા. ૪)** : દીક્ષાકલ્યાણક વગેરે.

**ફાગણ સુદ ૧૨ (તા. ૫)** : આહારદાન, અંકન્યાસ, કેવળજ્ઞાન કલ્યાણક વગેરે.

**ફાગણ સુદ ૧૩ (તા. ૬), બુધવાર** : નિર્વાણકલ્યાણક:; પરમાગમમંદિરનું ઉદ્ઘાટન; તેમાં વીરનાથપ્રભુની મંગલ પ્રતિષ્ઠા (૧૧ વાગે), કુંદકુંદ પ્રભુના ચરણપાદૂકાનું સ્થાપન, કળશ–ધ્વજારોહણ, શાંતિયજ્ઞ, રથયાત્રા.

卐 વિધિનાયક તથા મૂળનાયકઃ મહાવીર ભગવાન.

卐 પ્રતિષ્ઠાચાર્ય પં. મુન્નાલાલજી સમગોરયા (સાગર)

卐 પરમાગમ–મંદિર ઉદ્ઘાટનઃ જૈનસમાજના નેતા શાહૂ શાંતિપ્રસાદજી જૈન, દિલ્હી

卐 વિદ્વાનોનું સંમેલન પણ થશે.

* * * * *

## "-એ વખતની શી વાત!"

અચિંત્ય ચૈતન્યસ્વરૂપનો મહિમા લક્ષગત કરીને અંતરમાં વારંવાર પ્રયોગદ્વારા જ્યારે પોતાના આત્મામાં જ ઉપયોગને એકાગ્ર કરીને આત્મા પોતે ધ્યાનપર્યાયરૂપે પરિણમ્યો ત્યારે તે પર્યાય અનંતગુણના ધામમાં પ્રવેશીને તેમાં લીન થઇ ગઇ, ત્યાં 'આ ધ્યાન ને આ ધ્યેય' એવો ભેદ ન રહ્યો, ધ્યાન ને ધ્યેય બંને અભેદ થઈ ગયા. અનંતગુણના સ્વાદનું વેદન તેમાં એકસાથે વર્તે છે, પરમ શાંતરસની ચૈતન્યધારા ઉલ્લસે છે. અહા, એ વખતના આનંદવેદનની શી વાત!

## 卐 સોનગઢમાં મંગલ મહોત્સવ ( પાનું ૮ થી ચાલુ ) 卐

સોનગઢના પ્રજાજનો પણ પોતાની નગરીમાં ઉજવાતા આ ભવ્ય મહોત્સવને લીધે ખુશખુશાલ છે. હા, કદાચ ઘોડાગાડીવાળા કે મજુર લોકો થોડું ભાડું વધુ માંગશે, –પણ આવા અવસરે આપણે તેમને ખુશી કરવા જોઈએ.

* પણ ઉત્સવ પૂરો થયા પછી આટલા બધા માણસો એકસાથે જશે કેવી રીતે?

અરે ભાઈ! પ્રથમ તો જાણે એ વખતે વીરપ્રભુ પધાર્યા હોવાથી વાતાવરણ એવું અદ્‌ભુત હશે કે તમને ઝટપટ સોનગઢથી જવાનું મન જ નહિ થાય. અને છતાં જનારાઓ માટે રેલ્વે અને બસની પૂરી વ્યવસ્થા રહેશે. પૂરા પેસેન્જર મળતાં સોનગઢથી સીધી અમદાવાદની, રાજકોટની, કે જુનાગઢ, પાલીતાણા વગેરેની સ્પેશ્યલ બસ મળે તેવી વ્યવસ્થા પણ ગોઠવાઇ જશે.

* આ ઉત્સવમાં હાથી આવશે?

હા, હાથી તો હોય જ ને!

* કેટલા હાથી આવશે?

આ ઉત્સવ પરમાગમ મંદિરનો છે ને તેમાં કોતરાયેલા પરમાગમ પાંચ છે, એટલે હાથી પણ પાંચ જ આવશે. છેલ્લે એકેક હાથી ઉપર એકેક પરમાગમ બિરાજમાન કરીને જ્યારે નાનકડા સોનગઢમાં મોટી ભવ્ય ગજયાત્રા નીકળશે ત્યારે તો કેવો આનંદ થશે! ...ખબર છે? સાંભળો! કુંદકુંદસ્વામી ઉત્સવમાં પધારે ને તેમને દેખીને કહાનગુરુને જેવો આનંદ થાય તેવો આનંદ આપણને થશે. સાથે બે સુંદર રથ પણ હશે–એક સોનગઢનો ને બીજો અજમેરનો.

* વાહ ભાઈ વાહ! પણ હાથી ને રથ સિવાય બીજું કાંઈ આવશે?

હા, આકાશમાં એક વસ્તુ આવશે.

* કોણ આવશે? શું કોઈ દેવ આવશે?

અત્યારે તો હેલિકોપ્ટર–વિમાન પુષ્પવૃષ્ટિ કરવા આવવાનું સાંભળ્યું છે. બાકી તે વખતે જો કોઈ દેવ પણ આટલામાંથી પસાર થતો હશે તો તેને પણ એકવાર તો સોનગઢનો આ મહાન ઉત્સવ જોવા ઊતરવાનું મન થઈ જશે....ને જો નહિ ઊતરે તો તેનું વિમાન આકાશમાં થંભી જશે! એવો પ્રભાવશાળી આ ઉત્સવ હશે.

* બીજું કાંઈ નવીન ખરું?

–હોવે; દશ કુમારિકા બહેનો આત્મસાધના અર્થે જીવન ગાળવા બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા લેશે; કુલ ૬૧ બ્ર. બહેનો થશે, ને બધા બહેનો હળીમળીનો આત્મસાધનાની ભાવનાપૂર્વક આનંદથી જે ઉત્સવ ઉજવતા હશે તે દેખીને તમે પણ જરૂર આનંદથી પ્રભાવિત થશો. અને તેમાં વળી પૂ. બેનશ્રી–બેનનો દેવ – ગુરુ–ધર્મ પ્રત્યેનો ઉમંગ જોઈને તો મુમુક્ષુઓનો આત્મા જાગી ઊઠશે.

* વાહ ભાઈ વાહ! ઉત્સવના બધા ખુશખબર જાણીને આનંદ થાય છે; પણ હજી એક વાત તો કહો,–કે તે વખતે ગુરુદેવનો ઉલ્લાસ કેવો હશે!

વાહ ભાઈ વાહ! એની તો શી વાત કરું? એમનો ઉલ્લાસ તો અત્યારથી જ એટલો બધો દેખાય છે કે આ નાનકડા આત્મધર્મમાં તે સમાતો નથી; તે સમાવવા માટે તો ઘણાં પાનાં વધારવા પડશે.

* વળી બીજું કાંઈ નવીન થાશે?

હા ભાઈ! ઘણુંય નવું નવું થવાના ભણકારા તો વાગી રહ્યા છે, પણ બધી વાત તમને અત્યારથી નહિ કહી દઉં. હવે તો બસ, તમે વેલાવેલા સોનગઢ આવીને બધું રૂબરૂ જોજો ને આનંદિત થાજો.

ઠીક ભાઈ, આવશું જરૂર આવશું.

ભલે....આવજો જરૂર આવજો. स्वागतम्

**જય મહાવીર**

–બ્ર. હરિલાલ જૈન

( પ્રચારકમિટીઃ પરમાગમ મંદિર પ્રતિષ્ઠા–મહોત્સવ )

---

## સોનગઢના કેટલાક ટેલીફોન નંબર

| | | |
|---|---|---|
| ૩૪ | સ્વાધ્યાય મંદિરઃ ઓફિસ ( રાત્રે બંધ ) | તારનું સરનામુંઃ – |
| ૫૨ | જૈન સમિતિ | PARMAGAM |
| ૪૦ | નવનીતલાલભાઈ ઝવેરી ( પ્રમુખ ) | SONGAD |
| ૨૭ | ખીમચંદભાઈ જે. શેઠ | પત્રવ્યવહારનું સરનામુંઃ– |
| ૬૨ | ભાવનગરવાળા જે. હિંમતલાલ | શ્રી જૈન સ્વાધ્યાયમંદિર, |
| ૫૧ | કહાનનગર–સોસાયટી | સોનગઢ ( 364250 ) |

* પરમાગમ–મંદિરનો મહોત્સવ કેવો અદ્‌ભુત હશે! તેની થોડીક ઝાંખી અહીં આપી છે. પૂરા ઉત્સવનો આંખે દેખ્યો આનંદકારી અહેવાલ હવે પછીના અંકમાં આપ વાંચશો. પણ તે માટે આપે આપની આતુરતાને થોડીક રોકવી પડશે. કેમકે તે અંક દશ દિવસ મોડો (એટલે કે તા. ૨૦ મી માર્ચે) રવાના થશે. અંક સંબંધી ઘણી તૈયારીઓ એકલા હાથે કરવાની હોવાથી એટલો વિલંબ થશે. (સં.)

* હાલમાં ત્રણ માસ (ફાગણ, ચૈત્ર ને વૈશાખ) સુધીમાં આત્મધર્મમાં સામાન્યપણે વૈરાગ્ય–સમાચાર છાપવાનું બંધ રાખવામાં આવશે,–તેથી સર્વે જિજ્ઞાસુઓને તેવા સમાચાર ન મોકલવા સૂચના છે.

* આ મહાન ઉત્સવના રોજેરોજના સમાચારો તથા પ્રવચનની પ્રસાદી હિંદી તેમ જ ગુજરાતીમાં એક પત્રિકારૂપે સોનગઢમાં દરરોજ પ્રગટ થશે. બહારગામના જેઓ તાજા સમાચાર મેળવવા માંગતા હોય તેમણે રૂા. ૨/– તથા પોતાના સરનામાની પાંચ નકલ મોકલવાથી પત્રિકા પોસ્ટ દ્વારા મોકલવાની વ્યવસ્થા થશે.

સરનામું: બ્ર. હરિલાલ જૈન, સોનગઢ (૩૬૪૨૫૦)

* આપ તો આત્મધર્મના ગ્રાહક છો જ. પણ જિનશાસનની પરમ પ્રસાદીનો સ્વાદ આપના સ્નેહી–મિત્રજનોને શું આપ નહીં ચખાડો? એમને એ પ્રસાદી તમારે આપવી જ જોઈએ. અને તે માટે તેમને આત્મધર્મ પહોંચાડવું જોઈએ. લવાજમ માત્ર ચાર રૂપિયા છે. ઉત્સવ વખતે આપ જરૂર આપના સ્નેહીજનોનું લવાજમ ભરી દેશો.

–આત્મધર્મ કાર્યાલય, સોનગઢ (૩૬૪૨૫૦)

## 卐 કલ્યાણકારી કલ્યાણક 卐

સૌ સાધર્મીઓ આનંદથી હળમળીને આ ઉત્સવ એવી રીતે ઉજવશું કે સૌને આનંદ થાય. આ તો 'કલ્યાણક' પ્રસંગ છે, સૌનું કલ્યાણ થાય, ને કોઈને કોઈપ્રકારે મનદુઃખ ન થાય, હોય તોપણ દૂર થઈ જાય–એવો આ ઉત્સવ છે. પ્રભુના કલ્યાણકમાં જગતના બધા જીવોને સુખ થાય છે, તેમ આ કલ્યાણક પણ સૌને સુખદાયી બની રહેશે. અહા, જ્યારે આ દુનિયામાં તીર્થંકરના માર્ગનું નામ પણ મોંઘું થતું જાય છે ત્યારે આપણે તો કેવા ભાગ્યશાળી છીએ કે વિદ્યમાન, ભૂત ને ભાવિ ત્રણેકાળના તીર્થંકરોનો સુયોગ આપણને મળ્યો છે! તેની ખરી કિંમત એ છે કે આપણે આપણું આત્મકલ્યાણ કરીને તીર્થંકરોના માર્ગમાં દાખલ થઈ જઈએ. એ જ આપણો ઉત્સવ!

## વારાણસી ( કાશી ) ના પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી લખે છેઃ-

“શ્રી પરમાગમ મંદિરકા નિર્માણ દિગંબર પરંપરામે એક આદર્શ અનુકરણીય અપૂર્વ ઘટના હૈ! સોનગઢને યહ કાર્ય કર પૂરે સમાજકે સામને એક નયા આદર્શ ઉપસ્થિત કિયા હૈ! મેરા ઇસ મહાન કૃતિકે પ્રતિ સાષ્ટાંગ પ્રણામ.”

–વારાણસી ( કાશી ) પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી

## અજમેરના શેઠશ્રી ભાગચંદજી સોની લખે છે :-

જિનેન્દ્રભગવાનની રથયાત્રા માટે અજમેરનો સુપ્રસિદ્ધ ભવ્ય રથ આપણે મંગાવેલ, તેની સંમતિ આપતાં શેઠશ્રી ભાગચંદજી સોની લખે છે કે સોનગઢમેં પરમાગમ મંદિર એવં બૃહત્ પંચકલ્યાણક પ્રતિષ્ઠોત્સવકે સુસમાચાર અવગત કર અત્યન્ત પ્રસન્નતા હુઇ.

## કેન્દ્રીય પ્રબંધ સમિતિની બેઠક સોનગઢમાં :-

ઓલ ઇંડિયા દિગંબર ભગવાન મહાવીર ૨૫૦૦ મા નિર્વાણ–મહોત્સવ સોસાયટીની પ્રબંધસમિતિની બેઠક તા. ૫ માર્ચ ૧૯૭૪ ના રોજ સોનગઢમાં સમિતિના અધ્યક્ષ શ્રી શાહૂ શાંતિપ્રસાદજી જૈનની અધ્યક્ષતામાં થશે. તેની સાથે ગુજરાત–સૌરાષ્ટ્રની પ્રદેશસમિતિની મિટિંગ પણ થશે.

ગુજરાત–સૌરાષ્ટ્રના મુમુક્ષુ મંડળોને ખાસ સૂચના કે આપના ગામમાંથી કેટલા મુમુક્ષુભાઈ–બહેનો ઉત્સવમાં પધારશે, તેની સંખ્યાનો અંદાજ વેલાસર (તા. ૧૫ સુધીમાં ) ચોક્કસ લખી મોકલશો. તેમજ સમિતિની ભોજનશાળામાં પણ અગાઉથી ખબર લખવા ખાસ વિનંતી છે. –પરમાગમ મહોત્સવ કમિટિ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## પરમાગમ-મહોત્સવ કમિટિના સભ્યોને-

પ્રતિષ્ઠા–મહોત્સવ કમિટિ તરફથી ખાસ નિવેદન કરવામાં આવે છે કે સોનગઢમાં પ્રતિષ્ઠા–મહોત્સવની તૈયારીઓ પૂર્ણ કરવા માટે એક જરૂરી મિટિંગ તા. ૨૪–૨–૭૪ ( ફાગણ સુદ બીજ ને રવિવારના રોજ રાત્રે સાડા આઠ વાગ્યે રાખવામાં આવી છે. તો આ મિટિંગમાં બધા કાર્યકરોએ જરૂર હાજર રહેવા વિનંતી છે. ) ફાગણ સુદ બીજ એ સોનગઢ જિનમંદિરની ૩૪ મી વર્ષગાંઠનો પણ દિવસ છે. અને ત્યારપછી કાર્ય–વ્યવસ્થા સંભાળવા માટે ઉત્સવ પૂરો થતાં સુધી સોનગઢ રહેવાનું છે. –પ્રતિષ્ઠા–મહોત્સવ કમિટિ

# ચૈતન્ય શક્તિના ચમકારા

* અનંતગુણમય પોતાની ચૈતન્યસત્તાનો જ્યાં મેં સ્વીકાર કર્યો ત્યાં મારી પરિણતિમાં અનંતગુણનો નિર્મળભાવ વિદ્યમાન વર્તે છે. મારા અનંતગુણનો, ને તેના નિર્મળભાવનો મને કદી વિરહ નથી.–આવી ધર્મીની દશા હોય છે.

* અહા, ચૈતન્યની શુદ્ધશક્તિને નિર્વિકલ્પપણે સ્વીકારે ને પર્યાયમાં તેની શુદ્ધતાનો વિરહ રહે–એમ કદી બને નહિ.

* જે પર્યાયે પોતે અંદર ઊતરીને શુદ્ધ શક્તિનો સ્વીકાર કર્યો, તે પોતે તો શુદ્ધ ભાવપણે વિદ્યમાન વર્તે છે, તેમાં શુદ્ધતાનો વિરહ કેમ હોય? પોતાને પોતાનો વિરહ હોય નહિ; તેમ ચૈતન્યશક્તિની વિદ્યમાનતા જે પર્યાયે સ્વીકારી તે પર્યાયમાં શક્તિનો વિરહ નથી; તેમાં તો શુદ્ધતા વિદ્યમાનભાવપણે વર્તે છે.

* તે એક પર્યાયમાં ચૈતન્યભાવ છે, જીવત્વભાવ છે, સુખનો ભાવ છે, પ્રભુતાનો ભાવ છે, સ્વચ્છતાનો ભાવ છે–એમ અનંતગુણની શુદ્ધતા ભાવપણે વર્તે છે.

* અહો! ચૈતન્યગુણની પ્રશંસા કોઈ અલૌકિક છે! અરે જીવ! તારા વિદ્યમાન ગુણની પ્રશંસા સંતો તને સંભળાવે છે, તે સાંભળીને તેનો ઉલ્લાસ લાવ...ને જગતની લાખ જંજાળ છોડીને પણ ઉરમાં તેને ધ્યાવ.

* પ્રભુ! તારી ચૈતન્યશક્તિના ચમકારામાં રાગનો પ્રવેશ નથી. જે પર્યાયમાં રાગ છે તે જ સમયે તે પર્યાયમાં ધર્માત્માને પોતાના ચૈતન્યભાવની વિદ્યમાનતા પણ અનુભવાય છે; સમયે સમયે મારા સર્વગુણ શુદ્ધતાના ભાવપણે વિદ્યમાન છે – એમ ધર્મીને પોતાની ભાવશક્તિ જ્ઞાનપરિણમનમાં ભેગી જ ભાસે છે; ને તે પરિણમનમાં રાગનો અભાવ છે.

* ચૈતન્યની પરમ ઉર્મિથી કુંદકુંદપ્રભુને યાદ કરીને ગુરુદેવ કહે છે કે–અહો, વીતરાગી સંતો! તમે તો અમને કેવળજ્ઞાન તરફ લઇ જવા માટે દોર્યા છે. ચૈતન્યની અનંતશક્તિ બતાવીને તમે તો અમને કેવળજ્ઞાન તરફ લઇ જાવ છો. વાહ! દિગંબર સંતોએ જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે.

* અહા, જ્યાં ચૈતન્યસત્તા વિદ્યમાન છે ત્યાં શું નથી? સર્વે ગુણોની શુદ્ધતા ત્યાં વિદ્યમાન છે, તે ભાવરૂપ છે, ને તેમાં રાગાદિનો અભાવ છે. આવું ભાવપણું ને અભાવપણું–ધર્મીના જ્ઞાનપરિણમનમાં ભેગું જ વર્તે છે. તેને હવે રાગનો સર્વથા અભાવ થઇને કેવળજ્ઞાનનો સદ્ભાવ ખીલી જશે.

* અહો, અનંતગુણોની શુદ્ધતાનો જેમાં ભાવ છે–એવી સાધકદશા છે. સાધકને પોતાની પરિણતિમાં અનંતગુણનો નિર્મળ ભાવ પ્રગટ વેદાય છે. જેને અનંત–ગુણની શુદ્ધતા પોતાની પર્યાયમાં ન દેખાય તેણે ચૈતન્યસત્તાનો સ્વીકાર જ કર્યો નથી. ચૈતન્યસત્તાની વિદ્યમાનતામાં તો અનંતગુણની શુદ્ધતા સત્પણે 'ભાવ' રૂપ હોય. ચૈતન્યદરિયામાં અનંતગુણની શુદ્ધતાના તરંગ ઊછળે છે.

* ચૈતન્યના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે ચૈતન્યભાવરૂપ છે, સૂક્ષ્મ છે; ને રાગાદિ ભાવો તો સ્થૂળ છે, ચૈતન્યભાવથી જુદી જાતના છે. ચૈતન્યભાવને જ્યાં રાગ સાથેય સંબંધ નથી ત્યાં પર સાથે સંબંધ કેવો?

* શાંતિના સમુદ્ર એવા ચૈતન્યતત્ત્વને જ્યાં સ્વીકાર્યું ત્યાં ધર્માત્માને સદાય શાંતિના હીલોળા જ છે...દેહ છૂટે તોપણ શાંતિના હિલોળે આત્મા ઝૂલે છે.

## સોનાના મંદિર ઉપર હીરાનો કળશ

* અહા! આવા આત્મતત્ત્વના અનુભવસહિત તેનું ઘોલન કરતાં કરતાં અમૃતચંદ્રસ્વામીએ આ અદ્ભુત 'આત્મખ્યાતિ' રચીને શુદ્ધાત્માને કેવો મલાવ્યો છે!! ટીકાની રચના કાળે પણ અંદર પરિણતિની શુદ્ધતા થતી જાય છે. ચૈતન્યના અલૌકિક ભાવો આચાર્યદેવે આ ટીકામાં ખોલ્યા છે. ને તેમાંય આ ૪૭ શક્તિથી આત્માનું વર્ણન કરીને તો સોનાના મંદિર ઉપર હીરાનો કળશ ચડાવી દીધો છે. એના ભાવ સમજે તેને તેના મહિમાની ખબર પડે. (એ બધું આપણા પરમાગમ–મંદિરમાં કોતરાઈ ગયું છે. ને તેના ભાવોને આત્માના ભાવશ્રુતમાં કોતરતાં અતીન્દ્રિય આનંદ ઝરે છે. તે પરમાગમની–પ્રતિષ્ઠાનો અપૂર્વ મહોત્સવ છે.)

## "અહો, જિનવાણીની ગંભીરતાની શી વાત!"

–એમ વીતરાગસંતોનો ને જિનવાણીનો અપાર મહિમા ગુરુદેવ

વારંવાર પ્રસિદ્ધ કરે છે....તે સાંભળતાં ભક્તિરસથી શ્રોતાજનોના અંતર ઉલ્લસી જાય છે.

* ‘ભાવ શક્તિ’ આત્માના ચૈતન્યભાવની વિદ્યમાનતા બતાવે છે; એટલે અહીં તો હાજર માલની વાત છે, પર્યાયમાં અનંત ગુણની શુદ્ધતા વિદ્યમાન છે, તેની વાત છે. ધર્મીની પર્યાયમાં અનંતગુણની શુદ્ધતાની વિજય ધ્વજા ફરકી રહી છે; તે કોઈથી નમે નહીં. આવી સાધકદશા તે ધર્મની જુવાનીનો અવસર છે... જુવાનીનું ફાટફાટ વીર્ય કોઈથી દબાયા વગર મુક્તિને સાધ્યે જ છૂટકો કરે.

* જેમ સિદ્ધ ભગવંતોને રાગરૂપ પરિણમન નથી થતું તેમ સાધકને પણ સમ્યક્–શ્રદ્ધાના પરિણમનમાં રાગપરિણમનનો અભાવ છે. એવા સમ્યક્પરિણમન વડે જ સિદ્ધની સાચી ઓળખાણ થઈ છે. પોતામાં રાગથી ભિન્ન સમ્યક્ પરિણમન વગર સિદ્ધની પણ સાચી ઓળખાણ થતી નથી.

* અહો, અદ્ભુત ચૈતન્યશક્તિઓ...એની વીતરાગી રમત કોઈ જુદી જાતની છે. આચાર્યદેવ પોતે સમયસારમાં છેલ્લે કહે છે કે અહો! આત્માના સ્વભાવનો મહિમા...અદ્ભુતથી પણ અદ્ભુત છે! અને તે સ્વભાવ અમારી સાધક પર્યાયમાં જયવંત વર્તે છે.

જેવી સિદ્ધની શ્રદ્ધા છે–તેમાં રાગાદિ પરિણમન નથી, તેવી સમકિતી–સાધકની શ્રદ્ધા છે, તેમાં પણ રાગાદિ પરિણમન નથી. જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં–નિર્મળપરિણમન થયું.–તે પરિણમનમાં શું થયું ?–કે

અનંત ગુણ જે ‘નહોતા તે હતા’ થઈ ગયા,

અને જે રાગાદિ ‘હતા તે નહોતા’ થઈ ગયા.

આત્મામાં અનંતગુણ હોવા છતાં અજ્ઞાનીને પર્યાયમાં તે ન હતા, ને પર્યાયમાં રાગાદિ હતા. હવે સમ્યગ્દર્શન થતાં જે શુદ્ધ પરિણમન થયું તેમાં–

જે અનંતગુણ ન હતા તે હતા થઈ ગયા;

જે રાગાદિ દોષ હતા તે ન હતા થઈ ગયા.

અરે, આવો આત્મા પોતામાં છે, તે જેને દેખતાં ન આવડે તે સંતોના આત્માને પણ ક્યાંથી ઓળખી શકે?

શ્રી કુન્દકુન્દાચાર્ય તથા શ્રી અમૃતચંદ્રાચાર્ય વિકલ્પના કાળે વિકલ્પમાં વર્તતા ન હતા, પણ શુદ્ધપરિણતિમાં વર્તતા હતા. તેઓ પૂછે છે–

હે જીવ! તું અમને કેવા માને છે?
શું અમને તું રાગ જેવા માને છે?
–તો તું અમને ઓળખતો નથી?
તને સત્ય જોતાં આવડતું નથી.

અમે અમારા શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયની સીમામાં છીએ, તેવા સ્વરૂપે તું અમને દેખ તો જ તેં અમને ઓળખ્યા છે. અમારા શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયની સીમાથી બહાર તું અમને ન દેખ. અમારી શુદ્ધ દ્રવ્યગુણપર્યાયની સીમાથી બહાર નીકળીને રાગમાં અમે પરિણમતા નથી. માટે તે રાગરૂપે તું અમને ન દેખ.

અહો, આ વાત જેની પર્યાયમાં બેઠી તેની પર્યાય સંસારમાંથી ઊઠી ગઈ.

જે પર્યાયમાં સ્વભાવ બેઠો તે પર્યાયમાં હવે સંસાર રહી શકે નહિ.

* * * * *

આત્મશક્તિઓના વર્ણન વખતે વારંવાર ગુરુદેવ હૈયાના પ્રમોદથી કહેતા હતા કે–

અહો, આત્મશક્તિઓ બતાવીને દિગંબર સંતોએ તો કમાલ કરી છે;
ચૈતન્યશક્તિનાં વહાણ દ્વારા ભવથી તારીને મોક્ષના કાંઠે લાવી દીધા છે!

## આત્માની શક્તિ-

આત્માની ૪૭ શક્તિ સંબંધી હું એક ચિત્ર બનાવતો હતો, ત્યાં પાસે બેઠેલા એક દશ વર્ષના બાળકે તે જોઈને કહ્યું કે તમે આ ૪૭ શક્તિ લખો છોને? મેં કહ્યું–હા! એટલે તે કહે કે મને તે બધી શક્તિ મોઢે આવડે છે! મેં કહ્યું: તો કાગળમાં લખી આપ! અને તરત તેણે બધી શક્તિનાં નામ લખી દીધા...જે બરાબર હતા. એ નાના છોકરાનું નામ જિનેશકુમાર છબીલદાસ કલકત્તાવાળા: તમને આત્માની કેટલી શક્તિનાં નામ આવડે છે?

# ભગવાન મહાવીર ૨૫૦૦ મો નિર્વાણ મહોત્સવ

( નિબંધ–લેખક ભાઈ–બહેનોને ધન્યવાદ )

મહાવીર ભગવાનના ૨૫૦૦ મા નિર્વાણમહોત્સવના ઉપલક્ષમાં ‘આત્મધર્મ’ માં રજુ થયેલ યોજના અનુસાર ૧૫૦ જેટલા હિંદી–ગુજરાતી ભાઈ–બહેનોએ ખૂબ જ હોંશથી મહાવીરભગવાન સંબંધી સુંદર લેખો લખી મોકલ્યા છે. લેખો ચૈતન્યરસથી ભરેલા ને એક–એકથી ચડે તેવા છે. બધા લેખકોને ધન્યવાદ સાથે એક સુંદર ‘મહાવીરચંદ્રક’ ભેટ આપવાનું નક્કી કર્યું છે. તો આપ ઉત્સવમાં સોનગઢ પધારો ત્યારે સંપાદકને મળશો. નિબંધ–લેખ લખી મોકલનાર ભાઈ–બહેનોનાં નામ નીચે મુજબ છે–

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ચેતનાબેન એન. ગાંધી | બોટાદ | ૨૧. | હંસાબેન રતીલાલ ગાંધી | મુંબઈ–૬૬ |
| ૨ | मीनाकुमारी समेरचंदजी सिंघई | दमोह | ૨૨ | શારદાબેન કોદરલાલ દોશી | મુનાઈ |
| ૩ | પ્રજ્ઞાબેન એન. ગાંધી | બોટાદ | ૨૩ | ઉજમશી પ્રેમચંદભાઈ સોની | વઢવાણસીટી |
| ૪ | નીકાબેન નગીનદાસ શાહ | જાંબુડી | ૨૪ | ભાનુમતી વ. પારેખ | રાજકોટ |
| ૫ | હિતેન્દ્ર નગીનદાસ શાહ | જાંબુડી | २५ | रखवचंदसा बालचंदसा जैन | मलकापुर |
| ૬ | સુરેખાબેન બાબુલાલ શાહ | જાંબુડી | ૨૬. | વાડીલાલ રંગૂનવાળા | વઢવાણસીટી |
| ७. | प्रेमचंद जैन | खैरागढ | ૨૭ | વસંતરાય જે. મહેતા | વાંકાનેર |
| ८. | कुंतीबेन सुमेरचंदजी सिंघई | दमोह | ૨૮ | સ્મિતાબેન બટુકલાલ જૈન | રાજકોટ |
| ૯. | હર્ષાબેન રસીકલાલ દોશી | રાજકોટ | ૨૯. | કોકીલાલબેન સોમચંદ જૈન | અમદાવાદ |
| ૧૦. | સરોજબેન નગીનદાસ શાહ | જાંબુડી | ૩૦ | ચમનલાલ તુલસીદાસ શેઠ | જોરાવરનગર |
| ૧૧. | રાજેન્દ્ર ચંદુલાલ શાહ | જાંબુડી | ૩૧ | રતીલાલ દલપતરામ મહેતા | જામનગર |
| ૧૨ | ભરત ચંદુલાલ શાહ | જાંબુડી | ३२ | रूपचंदजी वीरेन्द्रकुमार नायक | दमोह |
| ૧૩ | દિપીકાબેન બાબુલાલ શાહ | જાંબુડી | ૩૩ | જયશ્રીબેન જૈન | મુંબઈ–૬૪ |
| ૧૪ | ચંપાબેન જૈન | નીકોડા | ૩૪ | દિવ્યેશ ચંદ્રકાન્ત જૈન | વડોદરા |
| १५ | सुमतिप्रकाश छगनलाल कुणावत | सोनगढ | ૩૫ | સ્મિતાબેન છનાલાલ ખંધાર | મલાડ ( વે. ) |
| ૧૬. | વિજય કે. શાહ | જાંબુડી | ૩૬ | સુનંદાબેન રજનીકાંત શાહ | રાજકોટ |
| ૧૭ | રંજનબેન વાડીલાલ જૈન | વઢવાણસીટી | ૩૭ | ગીતાબેન ચંદુલાલ દોશી | રાજકોટ |
| ૧૮. | ઇન્દિરાબેન કેશવલાલ કોટડીયા | હિંમતનગર | ३८ | प्रेमचंद जैन | शिवपुरी |
| ૧૯. | ચંપાબેન નેમચંદ જૈન | સાબલી | ૩૯. | વીરચંદ કરમચંદ દોશી | જૂનાગઢ |
| २०. | प्रकाशचंद जैन मशीनवाले | सुहागपुर | ४० | कुमारी कान्ती जैन | जबेरा |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૧ | **ભાવિક આર. શાહ** | **રાજકોટ** | ७२ | राजकुमार गुलाबचंद जैन | जबेरा |
| ४२ | प्रीतमचंद जैन | शिवपुरी | ७३ | मुन्नालाल जैन | जबेरा |
| **૪૩** | **શેઠ મોહનલાલ હરખચંદ** | **ધ્રાફા** | **૭૪** | **હર્ષાબેન પી. જૈન** | મલાડ (વેસ્ટ) |
| **૪૪** | **નીરૂપમાબેન છબીલાલ જૈન** | **ભાવનગર** | **૭૫** | **પ્રકાશ મનસુખલાલ જૈન** | **કલકત્તા–૧** |
| **૪૫** | **લીલાવતીબેન પોપટલાલ પારેખ** | **ગોંડલ** | **૭૬** | **વસંતરાય જે. શાહ** | **રાજકોટ** |
| ४६ | संजीवनीबेन नेमीनाथ घंटे | फालेगाँव | **૭૭** | **જયશ્રીબેન બી. ગોશલીયા** | **ગઢડા સ્વામીના** |
| **૪૭** | **મગનલાલ હીરાચંદ શાહ** | **ચોરીવાડ** | ७८ | लक्ष्मीचंद जैन | भीन्ड |
| **૪૮** | **શાંતિલાલ માણેકચંદ મહેતા** | **જામનગર** | **૭૯** | **જીતેન્દ્ર રતીલાલ મહેતા** | **જામનગર** |
| **૪૯** | **સવિતાબેન ભોગીલાલ શાહ** | **અમદાવાદ** | ८० | कुसुमाबेन जैन | जबेरा |
| **૫૦** | **પ્રકાશકુમાર જે. મહેતા** | **મોરબી** | **૮૧** | **ગુલાબચંદ ભગવાનજી મેઘાણી** | |
| ५१ | अमरकुमार जैन | रायपुर | ८२ | सुभद्राकुमारी जैन | भुरारिया |
| **૫૨** | **દિપેન જે. ભાયાણી** | **વડોદરા–૫** | ८३ | महेन्द्रकुमार जैन | भुरारिया |
| **૫૩** | **લલીતાબેન ચકુભાઈ જૈન** | **જાંબુડી** | **૮૪** | **કાન્તિલાલ હરિલાલ શાહ** | **મુંબઈ–૭** |
| **૫૪** | **નીતાબેન મનહરલાલ શાહ** | **રાજકોટ** | **૮૫** | **શાંતિલાલ હરજીવનદાસ જૈન** | **અમદાવાદ–૧** |
| ५५ | कमलेशकुमारी जैन | भुरारिया | ८६ | कमलाबाई जैन | बेगमगंज |
| **૫૬** | **જેઠાલાલ હીરાચંદ શાહ** | **ચોરીવાડ** | **૮૭** | **હિંમતલાલ હરજીવનદાસ વકિલ** | **બોરસદ** |
| **૫૭** | **અનીલાબેન આર. ગાંધી** | **રાજકોટ** | ८८ | पूरनचंद जैन | मौं |
| ५८ | मालतीबेन जैन | छिन्दवाडा | ८९ | चिन्तामणि जैन | मौं |
| **૫૯** | **શૈલેષ અનંતરાય ગાંધી** | **ચાલીસગાંવ** | **૯૦** | **મુકેશ કોઠારી** | **રાજકોટ** |
| **૬૦** | **વાડીલાલ આર. રંગુનવાળા** | **વઢવાણસીટી** | ९१ | प्रेमचंद जैन | कोटा (राजस्थान) |
| **૬૧** | **મગનલાલ ન્યાલચંદ મહેતા** | **વાંકાનેર** | **૯૨** | **દેવજીભાઈ હીરા ધારીઆ** | **મુંબઈ–૩૪** |
| **૬૨** | **શૈલેષ જૈન** | **નિકોડા** | ९३ | छोटेलाल गुलाबचंद जैन | जबेरा |
| **૬૩** | **શકરીબેન જૈન** | **નિકોડા** | ९४ | गेंदालाल जैन | बूँदी (राजस्थान) |
| ६४ | सुषमाकुमारी खेमचंदजी जैन | — | ९५ | मेनादेवी चौधरी | देवास (म.प्र.) |
| ६५ | सरोजकुमारी बाबुलाल जैन | दमोह | ९६ | धर्मवतीबाई जैन | मनावत (पश्चिम निमाड) |
| ६६ | प्यारेलाल सुगणचंद जैन | गुना | ९७ | गुणमालाबाई जैन | खंडवा (म.प्र.) |
| ६७ | बैद्य प्रकाशचंद जैन | जबेरा | ९८ | प्रमोदकुमार जैन | खंडवा (म.प्र.) |
| ६८ | भगवानदास सींघई | जबेरा | ९९ | नलिनीबेन जैन | सनावद |
| **૬૯** | **સુમનબેન જૈન** | **નીકોડા** | **૧૦૦** | **હંસીકાબેન જે. શેઠ** | **વાંકાનેર** |
| **૭૦** | **ભદ્રેશ મગનલાલ શાહ** | **મહુવા** | **૧૦૧** | **રંજનબેન જે. પારેખ** | **લીંબડી** |
| ७१ | विमलाबेन जैन | जबेरा | **૧૦૨** | **જ્યોત્સ્નાબેન રમણલાલ** | **તલોદ** |

| | | | | | |
|---|---|---|---|---|---|
| १०३ | कंचनकुमारी जैन | कोटा | ૧૨૬ | પિયુષ સુરેશચંદ્ર શાહ | સોનગઢ |
| १०४ | गम्भीरलाल सोनी | – | ૧૨૭ | ભાનુબેન પારેખ | રાજકોટ |
| ૧૦૫ | હર્ષાબેન હીંમતલાલ શેઠ | લીંબડી | ૧૨૮ | ચંદુલાલ હીરાચંદ શાહ | મુંબઈ–૬૯ |
| १०६ | हेमलताबेन जोहरापूरकर | नागपूर–९ | १२९ | कुमारी आशाबेन जैन | जबेरा |
| १०७ | शीतलचंद जैन | भोपाल | ૧૩૦ | નીલાબેન ટી. શાહ | સુરેન્દ્રનગર |
| ૧૦૮ | અમરેશ ચંદ્રકાંત મહેતા | રાજકોટ | ૧૩૧ | સુરેશકુમાર ભુરાલાલ | સુરત |
| १०९ | उत्तमचंद जैन | सिवनी | ૧૩૨ | જગદીશ પંચાલ | – |
| ११० | जिनेशचंद जैन | मौं | ૧૩૩ | ચતુરભાઈ ડી. રજાત | ઉમરેલી |
| ૧૧૧ | જશ્મીનાબેન સી. જૈન | રાજકોટ | १३४ | प्रेमचंद जैन | बेगमगंज |
| ૧૧૨ | સુશીલાબેન વેલજીભાઈ કરણીયા | જામનગર | १३५ | भगवतीदेवी जैन | मौं |
| ૧૧૩ | શારદાબેન કોદરલાલ દોશી | મુનાઈ | ૧૩૬ | અરવીંદ એમ. સંઘવી | તલોદ |
| ૧૧૪ | ઉષાબેન કોદરલાલ દોશી | મુનાઈ | १३७ | सुरेशचन्द्र जैन | मौं |
| ૧૧૫ | મીનાબેન એન. ટોલિયા | કોઈમ્બતુર–૨ | १३८ | सुरेशचन्द्र जैन | मौं |
| ૧૧૬ | કોકિલાબેન ચીમનલાલ જૈન | જોરાવરનગર | १३९ | महेन्द्रकुमार जैन | मौं |
| ૧૧૭ | વિનય એચ. જૈન | અમદાવાદ–૧ | ૧૪૦ | ફકીરચંદ અનુપચંદ જૈન | ભરૂચ |
| ૧૧૮ | રશ્મિબેન સોમચંદ જૈન | અમદાવાદ–૧ | १४१ | मीश्रीलाल बालचंद जैन | राघौगढ |
| ११९ | संतोषकुमार जैन | छिंदवाडा | ૧૪૨ | કલ્પનાબેન મહેતા | મુંબઈ–૫૪ |
| १२० | सुन्दरकुमारी पडाड़िया | कोटा | ૧૪૩ | હેમાલીનીબેન બી. જૈન | રાજકોટ–૨ |
| १२१ | ब्र. मैनाबेन जैन | सोनगढ | ૧૪૪ | તારામતીબેન શાંતિલાલ શાહ | જલોદ |
| १२२ | कुमारी मन्जुलत्ता जैन | जबेरा | ૧૪૫ | હરનીશ વૃજલાલ શાહ | ભડલી (કચ્છ) |
| १२३ | राजकुमारी जैन | अशोकनगर | ૧૪૬ | એસ. પી. શેઠ | મુંબઈ–૨૬ |
| ૧૨૪ | જયંતિલાલ મુળજીભાઈ સોની | – | ૧૪૭ | રમિલાબેન બાબુલાલ કોટડિયા | જાંબુડી |
| ૧૨૫ | રજનીકાન્ત કે. જૈન | મુંબઈ | ૧૪૭ | દરબાર હરિસિંહજી | સરવાળ |

**આ ઉપરાંત કેટલાક લેખો નામ-ઠામ વગરના છે. આપે લેખ લખ્યો હોય ને નામ ન આવ્યું હોય તો નામ-સરનામું લખશો. અહીં લેખ સાથે જે નંબર આપેલ છે તે માત્ર સંખ્યાની ગણતરી માટે છે. લેખો તપાસવાના હજી બાકી છે.**

**(દશ વાકયોને બદલે આ વખતે અવનવા ૧૨ કોયડા આપેલ છે.)**

# બે વારતા

## * વજ્રબાહુનો વૈરાગ્ય *

રાજકુમાર વજ્રબાહુ મનોદયારાણી સાથે હાથી ઉપર બેસીને નગરી તરફ જઇ રહ્યા છે, સાથે તેમના સાળા ઉદયસુન્દર અને બીજા ૨૬ રાજપુત્રો છે. વનમાંથી પસાર થતાં થતાં એકાએક વજ્રબાહુની નજર થંભી ગઈ...આશ્ચર્યથી એક ઝાડ તરફ એકીટસે જોઈ રહ્યા.

* ઉદયસુન્દરે કહ્યું: કુમારજી! કયા દેખ રહે હો?

* કુમારે અંગુલિનિર્દેશ કરીને કહ્યું: દેખો ઝાડ નીચે વહ મુનિ બિરાજમાન હૈ...અહા! કૈસી અદ્‌ભુત હૈ ઉનકી દશા! ! ધન્ય હૈ ઉનકા જીવન!!

* ઉદયસુન્દરે કહ્યું: કુમારજી! ક્યાંક આપ પણ એમના જેવા ન થઈ જતા!

* વજ્રકુમારે કહ્યું: વાહ! ભાઈ, હું એ જ ભાવના ભાવતો હતો..તમે મારા મનની વાત જાણી લીધી; હવે તમારા મનમાં શું છે તે કહો!

* “મારી પણ એ જ ભાવના છે”–ઉદય સુન્દરે કહ્યું. અને બન્ને રાજકુમારો મુનિરાજના ચરણસમીપ ચાલ્યા...સાથે છવ્વીસેય રાજપુત્રો પણ ચાલ્યા...મુનિરાજ પાસે દીક્ષા લઇને એ બધાય મુનિ થઈ ગયા...રાણી મનોદયા વગેરે પણ સંસારથી વિરક્ત થઈ અર્જિકા થયા.

ધન્ય એ સંસારથી વિરક્ત સન્તોને.

બંધુઓ વનમાં પહેલેથી આત્મજ્ઞાનના સંસ્કાર લીધા હોય, તો જીવના અંતરમાં વૈરાગ્યનું ઝરણું સહેજે વહેતું હોય છે; ને આવી ધન્યપળે સંસાર છોડીને મોક્ષને સાધતાં વાર લાગતી નથી. માટે, રાજપુત્રોની જેમ તમેય જીવનમાં પહેલેથી જ જ્ઞાન અને વૈરાગ્યના સંસ્કાર રાખજો.

## 卐 વાઘણનો વૈરાગ્ય 卐

સુકોશલ રાજકુમારનો જન્મ થતાં જ તેને રાજતિલક કરીને રાજા કીર્તિધરે દીક્ષા લઈ લીધી. એમની દીક્ષાથી આઘાત પામેલી રાણી સહદેવીને મુનિવરો પ્રત્યે અણગમો થઇ ગયો... ને એકનો એક કુમાર પણ મુનિને દેખીને ક્યાંક મુનિ ન થઇ જાય–એવી બીકથી તેણે એવો દુષ્ટ હુકમ કર્યો કે કોઈ મુનિને નગરીમાં આવવા ન દેવા.

એકવાર રાજમહેલની અગાશીમાં ઊભો ઊભો કુમાર જુએ છે કે નગરના દરવાજે કોઈ તેજસ્વી મહાત્મા આવી રહ્યા છે, પણ દરવાન તેમને અટકાવે છે. વૈરાગી કુમારે પૂછયું –માતા! એ તેજસ્વી મહાત્મા કોણ છે? ને દરવાન તેમને કેમ રોકી રહ્યો છે?

કુંવરનો પ્રશ્ન સાંભળતાં જ માતાના મનમાં ધ્રાસકો પડયો. તેણે કહ્યું: ‘બેટા,

એ તો હશે કોઇક ભીખારી! ' અરરર! એક વખતના પોતાના પતિને અને એક મહાન વીતરાગી જૈન મુનિરાજને આ દુષ્ટરાણી ભીખારી કહી રહી છે.–એ સાંભળીને ધાવમાતા રડી પડી...કુંવરે પૂછતાં તેણે ખુલાસો કર્યો કેઃ બેટા! તારી મા જેને ભીખારી કહી રહી છે તે અન્ય કોઈ નહિ પણ તારા પિતા જ છે, એ મુનિ થયા છે; ને તારી માતાના હુકમથી જ દરવાન તેને રોકી રહ્યો છે...એક વખતના રાજના માલિકને આજે નગરમાં પ્રવેશતાં એક દરવાન રોકી રહ્યો છે! –રે સંસાર! !

કુંવર તો એ સાંભળતાં જ પિતા પાસે દોડી ગયો...ત્યાં ને ત્યાં જ જિનદીક્ષા ધારણ કરીને રાજપુત્ર મટીને મુનિપુત્ર બન્યો...પિતાનો સાચો વારસદાર બન્યો...માતા દુષ્ટ પરિણામથી મરીને વાઘણ થઇ...ને ધ્યાનમાં બેઠેલા પુત્રને (સુકોશલ મુનિને) ખાવા લાગી...પણ એનો હાથ જોતાં એને જાતિસ્મરણ થયુંઃ અરે! આ તો મારો પુત્ર! ! પછી તો કીર્તિધર મુનિરાજે સંબોધન કરીને એ વાઘણને વૈરાગ્યનો ઉપદેશ આપ્યો...ને એ વાઘણ પણ ધર્મ પામી.

---

## આત્મધર્મ-પ્રચાર તથા બાલવિભાગ માટે આવેલ રકમોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૧ | રૂપચંદ બાદરમલ શાહ | મદ્રાસ | ૧૧ | શાંતાબેન મણિલાલ | સોનગઢ |
| ૧૧૧ | છોટાલાલ ડામરદાસ શાહ | સોનગઢ | ૨૫ | ગુલાબચંદ ભગવાનજી હેમાણી | સોનગઢ |
| ૫ | કાન્તાબેન દવે | સોનગઢ | ૨૫ | સમતાબેન રતિલાલ | વઢવાણ |
| ૫૧ | પાંચુબેન ચુનીલાલ | રાણપુર | ૧૧ | હિમાંશું રસિકલાલ | ઘાટકોપર |
| ૫૧ | દુધીબેન દેવચંદ મોદી | સોનગઢ | ૧૧ | રસિકલાલ અમીચંદ ડગલી | ઘાટકોપર |
| ૧૧ | શશીકાંત ભીખાલાલ | રાજકોટ | ૧૦૧ | કપુરચંદ ત્રિભુવન વોરા | કલકત્તા |
| ૩૧ | ભાનુબેન ઘેલાણી | કલકત્તા | ૫૧ | તારાચંદ ત્રિભુવન વોરા | કલકત્તા |
| ૫૧ | ખેમરાજ દુલીચંદ જૈન | સોનગઢ | ૫૧ | કાંતિભાઈ મોટાણી | મુંબઈ |
| ૫૧ | કસ્તુરબેન એન. લોદરીયા | સોનગઢ | ૧૧ | કાંતાબેન દવે | સોનગઢ |
| ૫૧ | બ્ર. હરિલાલ જૈન | સોનગઢ | ૨૫ | હર્ષદ મુલવંતરાય | કલકત્તા |
| ૫૧ | વેલજી ધરમશી | નાઇરોબી | ૫૧ | મરઘાબેન પ્રેમચંદ | ચુડા |
| ૧૨૫ | ડો. ચીમનલાલ એમ. શ્રોફ | મુંબઈ | | | |

(તા. ૩૧–૧–૭૪ સુધી)

પરમાગમમંદિરનો મંગલ ઉત્સવ એવા આનંદથી ઉજવીએ કે સ્વ–પર સૌને આત્મલાભનું કારણ થાય, ને જૈનશાસન શોભી ઊઠે.

# ચાલો બાળકો આનંદ કરીએ-

સોનગઢમાં આનંદનો મજાનો અવસર નજીક આવી રહ્યો છે. બાળકો, તમે પણ ઉત્સવમાં આવી શકશો તો આનંદની વાત છે. ત્યાર પહેલાંય તમને થોડોક આનંદ કરાવીએ તમને ઉખાણા શોધવા તો બહુ ગમે, એટલે અહીં કેટલાક ઉખાણા આપ્યા છે, તેનો જવાબ શોધતાં તમને આનંદ થશે ને ધાર્મિક જ્ઞાન પણ મળશે. ( સં. )

( ૧ )

અક્ષર સાડાપાંચ છે, પ્રસિદ્ધ ભારતમાંય,
ત્રીજે–બીજે ઇષ્ટદેવ, એક–બેથી સંભળાય,
છેલ્લો–બીજો જળમાં વસે, ભારતના છે સન્ત,
એનું કહ્યું ઓળખશો તો લેશો ભવનો અન્ત.

( ૨ )

પહેલ–બીજે હેમ છે, ચાર અક્ષરનું ધામ;
ત્રીજો–ચોથો દૂર્ગ છે, કહોજી કયું તે ગામ ?

( ૩ )

પ્રગટી વાણી વીરની, પંચાક્ષરી એ નામ;
ગૌતમ જ્યાં ગણધર થયા, કહોજી કયું એ ધામ ?

( ૪ )

ઘાતીકર્મનો ક્ષય કરી પ્રગટયું જ્ઞાન અનંત;
દેહ છતાં પરમાતમા....કહોજી કયા ભગવંત ?

( ૫ )

ઉપયોગ લક્ષણ જેહનું, જાણે સૌને જેહ;
પણ ઇન્દ્રિયથી જણાય ના, ઓળખી કાઢો તેહ.

( ૬ )

સત્સંગના સેવન થકી જેની પ્રાપ્તિ થાય,
એની પ્રાપ્તિ થયા પછી જરૂર મુક્તિ થાય.
એની પ્રાપ્તિ થતાં અહો !આનંદ ઉરમાં ન માય.
કરી લ્યે પ્રાપ્તિ એહની તે ધન્ય ધન્ય જગમાંય.

( ૭ )

જીવને જીવ જાણ્યો નહિ, ગણ્યું શરીરને જીવ;
જેથી બહુ દુઃખી થયો, કહો કેવી એ ટેવ ?
દૂશ્મન છઠ્ઠા ઉત્તરનો, જગતમાં એ દુષ્ટ,
એને જો હણી નાંખશો તો થશો અહિંસક પુષ્ટ.

( ૮ )

જો આત્માને જાણશું, થઈશું એમાં લીન;
એનું ફળ શું પામશું ? શોધી લેજો પ્રવીણ.

( ૯ )

આત્માને નહિ જાણશો, કરશો કદી પુણ્યરાગ;
એનું ફળ શું પામશો ? શોચો જરા દિમાગ.

( ૧૦ )

સૌથી મોટો દેવ છે, વિચરે અવનિમાંય,
ભરતમાં આવે નહિ છતાં કર્યો પરમ ઉપકાર.
ભક્ત એના ભરતે વસે, સાંભળી એની વાણ.
સંત હૃદય બિરાજતા કહોજી કયા ભગવાન ?

( ૧૧ )

પ્રથમ બેમાં બાવન વસે, અક્ષર જેના પાંચ;
આપે સમ્યક્ જ્ઞાનને, જો તું ભાવથી વાંચ.
કુંદકુંદદેવનું હૃદય છે, ને વીરપ્રભુની વાણ,
કહાનગુરુને વાહલા ને ભારતના છે ભાણ.
જેનો ઉત્સવ અતિઘણો, મંદિર પણ છે મહાન,
વર્દ્ધમાન જિન શોભતા...કહોજી એનું નામ !

(૧૨) વર્ષ હજાર અઢી વીતીયા...પણ વર્તે શાસન આજ.
એને જો ઓળખો તમે તો લઇ લ્યો મુક્તિરાજ.
કરતા વૃદ્ધિ ધર્મની ને પોતે ધર્મ સ્વરૂપ,
સુવર્ણમાં પધારીયા, છે મહોત્સવ આનંદરૂપ.
ત્રણ શિખર એક મંદિરે, ને કળશા છે ઓગણીશ,
બિરાજે ભગવંત જે...તેને નમાવું શીષ.

(ઉખાણાનાં જવાબમાં જોડણીદોષ ચલાવી લેવામાં આવ્યા છે.)

ફાગણ સુદ ૧૩ પહેલાં જેમના જવાબ આવી ગયા હશે તેમને 'સમ્યક્ત્વકથા' પુસ્તક ભેટ મોકલાશે; અગર રૂબરૂ લઇ જવું. સરનામું: સંપાદક આત્મધર્મ, સોનગઢ (૩૬૪૨૫૦)

**ગતાંકના જવાબ:-** પાનું: ૯, ૮, ૧૦, ૧૭, ૨૪, ૧૪, ૮, ૨, ૧ ભગવાનનાં નામ : સીમંધરભગવાન, નેમનાથ ભગવાન, મહાવીર ભગવાન.

# મંગલ કામના

ક્ષેમં સર્વપ્રજાનાં પ્રભવતુ બલવાન્ ધાર્મિકો ભૂમિપાલ:;
કાલે કાલે ચ સમ્યગ્વર્ષતુ મઘવા વ્યાધયો યાન્તુ નાશમ્;
દુર્ભિક્ષં–ચૌરમારી–ક્ષણમપિ જગતાં માસ્મભૂત્જીવલોકે,
જૈનેન્દ્રં ધર્મચક્રં પ્રભવતુ સતતં સર્વસૌખ્યપ્રદાયિ.

શ્રી જિનેન્દ્ર ભગવાનની પૂજા કરીને શ્રાવક મંગલ ભાવના ભાવે છે કે અહો, જગતમાં સર્વ જીવોને સુખ દેનારું શ્રી જિનેન્દ્રભગવાનનું ધર્મચક્ર, જગતમાં સતત પ્રવર્તો...શ્રી જૈનશાસનના પ્રતાપે સર્વે પ્રજાજનોનું કલ્યાણ થાઓ; રાજ્યનું પાલન કરનારા ધાર્મિક અને બળવાન હો; દેશમાં સુકાળ હો ને વ્યાધિઓ નાશ પામો, દુર્ભિક્ષ–ચોરી–મરકી વગેરે કોઈ ઉપદ્રવ આ જગતમાં એકક્ષણ પણ ન હો. અહો, આવું કલ્યાણકારી જૈનશાસન જયવંત વર્તો. જિનેન્દ્રદેવના પંચકલ્યાણક જગતના જીવોનું કલ્યાણ કરો.

મંગલવધાઈ: છાપતાં સમાચાર મળે છે કે પરમાગમ–મંદિરમાં બિરાજમાન થનાર વર્દ્ધમાન ભગવાનની સવાપાંચ ફૂટની ભવ્ય પ્રતિમા તા. ૧૬ મીએ તૈયાર થઈ જશે, ને લગભગ તા. ૧૯મીએ સોનગઢ પધારવાનો સંભવ છે.





# કંકોતરી

( રાગઃ એક અદ્‌ભુત આત્મા... )

શ્રી વીરપ્રભુના મંડપમાં વળી કુંદગુરુના મંડપમાં,
પરમાગમના મંડપમાં...તમે...આવજો....પધારજો... તમે....
વિદેહીનાથ પધારજો વળી સાધકસંતો આવજો,
અઢીદ્વીપનાં સૌ સાધર્મી...તમે આવજો...પધારજો... તમે... શ્રીવીર.
જ્યાં સમકિતનાં તો તોરણ છે, સુજ્ઞાન–મંગલદ્વાર છે,
જ્યાં ચારિત્ર–શિખર શોભે છે...તમે આવજો...પધારજો... તમે... શ્રીવીર.
પચ્ચીસો વરસે આવે છે શ્રી વીરપ્રભુ પધારે છે,
દર્શન આનંદકાર છે...તમે આવજો...પધારજો... તમે... શ્રીવીર.
શ્રી ગુરુ કહાન બોલાવે છે સૌ ભક્તો સ્વાગત આપે છે,
સુવર્ણે વાજાં વાગે છે....તમે આવજો...પધારજો... તમે... શ્રીવીર.
જ્યાં આનંદ અપરંપરા છે, જ્યાં ચૈતન્યનાં રસપાન છે,
જ્યાં રત્નત્રયનાં દ્વાર છે...તમે આવજો...પધારજો... તમે... શ્રીવીર.
જ્યાં વીરપ્રભુનાં વહેણ છે, જ્યાં કુંદપ્રભુનાં કહેણ છે,
જ્યાં ખુલ્લા મુક્તિ મારગ છે...તમે આવજો...પધારજો... તમે.... શ્રીવીર.
આ ઉત્સવમાં જો આવશો ને વીરનો મારગ જાણશો,
તો ભવના છેડા પામશો, તમે આવજો પધારજો... તમે... શ્રીવીર.

–બ્ર. હ. જૈન




**અહીં મુક્તિમારગ ખૂલ્લા છે...તમે આવજો...સૌ આવજો...**




**ગુરુદેવના મંગલહસ્તે કંકોત્રીનું મૂરત : અહેવાલ માટે જુઓ પાનું ૬ અને ૨૨**

# સમાજના વડીલોનું ને યુવાનોનું કર્તવ્ય

બંધુઓ, જૈનસમાજને માટે એક જરૂરી વાત આજે ફરીથી રજુ કરીએ છીએ. વાત નાની પણ અત્યંત જરૂરની છે; આત્મધર્મ અંક નં. : ૩૬૨માં ગુરુદેવના ઉદ્‌ગાર સાથે તેની થોડીક રજુઆત કરી હતી. એ લેખ વાંચીને ઘણા જિજ્ઞાસુ વડીલોએ, તેમજ યુવાન ભાઈ-બહેનોએ તેમાં પોતાની સંમતિ અને પ્રસન્નતા પ્રગટ કરી છે, ને આ પ્રમાણે થાય તે ઉત્તમ છે. ખરેખર, ધન સામે ન જોતાં ધર્મસંસ્કાર સામે જોવાની મુખ્યતા રાખવી જોઈએ-એ દરેક જૈનગૃહસ્થનું, ને ભાઈ-બહેનોનું ખાસ કર્તવ્ય છે. બંધુઓ, બહેનો! તમે પોતે જ જો ધર્મસંસ્કારવાળું સ્થાન પસંદ કરશો તો તમારી તે પસંદગીમાં વડીલો પણ ધન્યવાદપૂર્વક તમને આશીર્વાદ આપશે. તમારે તમારા ધર્મસંસ્કારની રક્ષા માટે તથા વૃદ્ધિ માટે એમ સ્પષ્ટ કહી દેવું જોઈએ કે અમારા ધર્મસંસ્કારને જ્યાં બાધા આવે તેમ હોય તેવા સ્થાનમાં અમારો સંબંધ અમે પસંદ નહિ કરીએ. ‘ભલે કુંવારા રહેશું પણ જૈનસંસ્કાર છોડીને બીજે તો નહીં જ જઈએ’-આવી ધર્મદ્રઢતા તો જિજ્ઞાસુમાં હોવી જ જોઈએ. ધર્મના ભોગે ધન અમારે નથી જોઈતું. શ્રાવકના ગુણોમાં ‘સમદત્તી’ નામનો એક ગુણ કહ્યો છે એટલે કે પોતાની કન્યાનું દાન સમાનધર્મીમાં કરે, વિધર્મીમાં ન કરે. અહો, આવા સર્વ શ્રેષ્ઠ જિનધર્મના સંસ્કાર મળ્યા તો આપણા સંતાનોને આપણે તેનાથી ન છોડાવીએ...કુધર્મના કુવામાં ન નાખીએ.

આ વાતનો સૌએ સ્વીકાર કરવા છતાં કેટલાક વડીલોએ મુશ્કેલી બતાવી છે કે ‘સમાજના પૈસાવાળા લોકો સામાન્ય સ્થિતિવાળા માણસો સાથે સંબંધ બાંધવા આતુર નથી, સૌ પૈસા સામે જુએ છે!’ તે વડીલશ્રીએ રજુ કરેલી મુશ્કેલીમાં તથ્ય છે, આજ સમાજમાં તેવી પરિસ્થિતિ દેખાય છે, પણ ધર્મપ્રેમી વડીલો અને તેમના બહાદૂર સંતાનો હવે જાગૃત બનતા જાય છે, તેઓ જાગૃત થઈને આ બાબત મક્કમપણે હાથમાં લ્યે, તેનો પ્રચાર કરે, ને પોતાના ઘરેથી જ તેના પાલનનો મંગળ પ્રારંભ કરે, તો સમાજમાં મહાન જાગૃતિનું અને ધર્મપ્રભાવનાનું એક ઉત્તમ કાર્ય થશે. બહાદૂર યુવાનો જાગો! ને વીરપ્રભુના આ અઢીહજારમા નિર્વાણમહોત્સવમાં તમારું કાર્ય સંભાળો. -जय महावीर

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૫૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) : મહા (૩૬૪)